**સુવિચાર**

''હીરાપારખું બનવું સારી વાત છે, પણ પીડાપારખું બનવું એથી ય સારી બાબત છે.''

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૦૯/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ ભાદરવા સુદ-૬ વર્ષ : ૧૭ અંક : ૨૩૧



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## કોઈપણ ઈમરજન્સીમાં ''૧૧૨'' નંબર ડાયલ કરો અને ગણતરીની મિનિટોમાં મદદ

# અમરેલીમાં ''૧૧૨''ની સેવા સૌ કોઈ માટે અધીં રાતનો હોંકારો

**'૧૧૨' નંબર ડાયલ કરો એટલે એમ્બ્યુલન્સ, ફાયર અને પોલીસ જેની જરૂર હોય તે હાજર**

**૧૦થી ૧૫ મિનિટમાં મદદ માટે વાહન અને સરકારીકર્મી આપના આંગણે**

**જિલ્લામાં દરરોજ '૧૧૨'ની મદદ માટે સરેરાશ ૪૦ જેટલા કોલ આવી રહ્યા છે**

**જાહેરમાં કોઈ અઘટિત ઘટના બને તો પણ કોઈપણ નાગરિક '૧૧૨'ને કોલ કરી શકે છે**




અમરેલી, તા. ૧૫
ઈમરજન્સી ૧૧૨ સેવા બની રહી છે લોકોની 'તાત્કાલિક મદદ'ની આશા! ૮ મહિનામાં ૯,૮૯૯ કોલ, માત્ર ૧૦–૧૧ મિનિટમાં પહોંચે છે પીસીઆર વાન.

અમરેલી જિલ્લામાં નાગરિકોની તાત્કાલિક મદદ માટે ૧૧૨ ઈમરજન્સી સેવા ૨૪ કલાક કાર્યરત છે. ૧૧૨ સેવા માત્ર પોલીસની મદદ પૂરતી સીમિત નથી, પરંતુ જરૂરિયાત મુજબ પોલીસ, એમ્બ્યુલન્સ અને ફાયર જેવી વિવિધ ઈમરજન્સી સેવાઓનો લાભ પણ નાગરિકો લઈ શકે છે. અમરેલી જિલ્લામાં ૧૧૨ની અંદાજે ૩૨ ઈમરજન્સી વાન અલગ–અલગ પોઈન્ટ પર કાર્યરત છે.

આ સેવાનો ઉપયોગ કોઈપણ વ્યક્તિ કરી શકે છે. અકસ્માત, જાહેર સ્થળે મારામારી, ઝઘડો અથવા અન્ય કોઈ અનિચ્છનીય ઘટના બનતી હોય ત્યારે ઘટનાસ્થળે હાજર વ્યક્તિ પણ ૧૧૨ પર કોલ

અનુસંધાન પાના ૬ ઉપર

## મહિલા આરોપી નીલમ કાકડીયા, પ્રતિક પાઘડાળ અને અવિનાશ પટેલ વિરૂધ્ધ ફરિયાદ

# બગસરાનાં હડાળા ગામનાં ખેડૂત સાથે મીઠી મીઠી વાતો કરીને પ્રાઈવેટ પાર્ટનાં ફોટા જાણ બહાર પાડી લઈ લાખો રૂપિયા પડાવી લીધા


**આરોપીઓએ બિભત્સ ફોટા વાયરલ કરવાની ધમકી આપીને ૧૬.૩૦ લાખ મેળવી લીધા**

અમરેલી, તા. ૧૫
અમરેલી તથા સુરત રહેતા ત્રણ આરોપીઓએ એકસંપ કરી અને કાવતરૂ રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે બગસરા તાલુકાના હડાળા ગામે રહેતા એક ખેડૂતનો વોટ્સએપ એપ્લીકેશન મારફતે સંપર્ક કરી છેલ્લા એક વર્ષ દરમિયાન ખેડૂત સાથે પ્રેમ ભરી અને મીઠી મીઠી વાતો કરી આરોપીઓએ ખેડૂતને વિડીયોકોલમાં નગ્ન થવાનું કહી ખેડૂતના પ્રાઈવેટ પાર્ટના ફોટો તેમની જાણ બહાર પાડી લઈ અને તેના પ્રાઈવેટ પાર્ટના ફોટો વાયરલ કરવાની ધમકી આપી ખેડૂત પાસેથી બે આરોપીઓએ ઓનલાઈન તથા આંગડીયા મારફતે બળજબરીપુર્વક કુલ રૂપિયા ૧૬,૩૦,૧૧૦ મેળવી લીધેલ તેમજ ત્રીજા આરોપીએ ખેડૂતને વોટ્સએપ ટેકસ્ટ મેસેજમાં ગાળો આપી હાથપગ ભાંગી નાખવાની ધમકી આપી બળજબરીપુર્વક રૂપિયાની માંગણી કરી ખેડૂતના પ્રાઈવેટ પાર્ટના ફોટો વાયરલ કરી ગુન્હો કરતા ખેડૂતે આ ત્રણેય આરોપીઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવમાં પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલીનાં ''શિવપાર્ક''માં શ્વાનોનું ટોળુ



અમરેલીનાં ક્રીમ વિસ્તાર ગણાતાં ચિતલ રોડ પર આવેલ "શિવપાર્ક" સોસાયટીમાં છેલ્લા થોડા દિવસોથી ૧૦થી ૧૫ શ્વાનોનું ટોળુ ચકકર લગાવી રહ્યું હોય આ વિસ્તારનાં રહેવાસીઓમાં ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે.

## લાઠી, લીલીયા, સાવરકુંડલા અને ધારી પંથકનો બનાવ

# અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૨ મહિલા સહિત ૪ વ્યક્તિનાં અપમૃત્યુ

**તરૂણથી લઈને યુવકનાં અપમૃત્યુ નોંધાયા**

અમરેલી, તા. ૧૫
અમરેલી જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન અલગ અલગ ચાર જેટલા અપમૃત્યુના બનાવો બનતા બે પરિણીતા સહિત ચાર લોકોના મોત નિપજયાનું પોલીસ ચોપડે જાહેર થવા પામેલ છે.

મધ્યપ્રદેશના વતની અને હાલ સાવરકુંડલા તાલુકાના જીરા ગામે હરેશભાઈ પરશોતમભાઈ દુધાતની

અનુસંધાન પાના ૬ ઉપર


Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3 (Ice cream/Milk/Namkeen)
• Cashier - 2
• Sales Co - Ordinator - 7
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 2
• Telecaller - 1
• Reporting Manager - 2
• HR - Recruiter - 1
Only Male Candidates With Experience May Apply.
Location :
Amreli, Gujarat.
APPLY NOW

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. કૈવંત પટેલ — ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજીસ્ટ
તા. ૧૭/૦૯/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧
ડો. વિરલ વસાણી — ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત
તા. ૧૭/૦૯/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧
ડો. અર્થ હિંગળાજીયા — ગેસ્ટ્રોસર્જન, પેટ, આંતરડા, લીવરના સર્જન
તા. ૧૮/૦૯/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧
ડો. જય વિઠલાણી — કાર્ડિયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત
તા. ૧૮/૦૯/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧:૩૦
ડો. સાગર બરાસરા — એન્ડોકાઈનોલોજીસ્ટ, ડાયાબિટીસ, થાઈરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત
તા. ૧૯/૦૯/૨૦૨૬, શનિવારે, સવારે ૯ થી ૨
(જુના દર્દીઓ રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શ્યામ ડાઈનીંગ હોલ (એ.સી.હોલ)
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ / શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી સ્વામીનારાયણની રોટલી તો ખરીજ
The King of catering service
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩ | જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
સ્થળ એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ૩૬૫૬૦૧, ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
હોસ્પિટલ naarihospitalamreli@gmail.com

શ્રી કપીલા હનુમાન યુવા મંડળના યુવાનો દ્વારા વાજતે–ગાજતે

# બાબરામાં કપીલા હનુમાનજી મંદિર ખાતે ગણપતિ બાપ્પાની આસ્થાભેર સ્થાપના

## ભક્તિમય માહોલમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જોડાયા


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૫

બાબરા શહેરમાં ગણેશ મહોત્સવને લઈને ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરના કપીલા હનુમાનજી મહારાજના મંદિર પટાંગણમાં શ્રી કપીલા હનુમાન યુવા મંડળ દ્વારા ગણપતિ બાપ્પાની સ્થાપના કરવામાં આવી હતી.

આજે સાંજે ૫:૦૦ કલાકે શ્રી કપીલા હનુમાન યુવા મંડળના યુવાનો દ્વારા ગજાનન ગણપતિ મહારાજની મૂર્તિને વાજતે–ગાજતે અને ભક્તિમય વાતાવરણ વચ્ચે મંદિર પરિસરમાં લાવવામાં આવી હતી. ઢોલ–નગારાના તાલે તથા ગણપતિ બાપ્પાના જયઘોષ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

ત્યારબાદ ધાર્મિક પરંપરા અને વિધિ–વિધાન મુજબ શ્રી ગણપતિ મહારાજની વિધિવત સ્થાપના કરવામાં આવી હતી. સ્થાપના પ્રસંગે મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ, બાળકો તેમજ સ્થાનિક રહેવાસીઓ અને પાડોશીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ ઉત્સાહભેર ગણપતિ સ્થાપના કાર્યક્રમમાં ભાગ લઈ બાપ્પાના દર્શન અને પૂજનનો લાભ લીધો હતો.

ગણપતિ બાપ્પાની સ્થાપના દરમિયાન ગણપતિ બાપ્પા મોરયાના જયઘોષથી કપીલા હનુમાનજી મંદિર પરિસર ગુંજી ઉઠયું હતું. ભક્તોએ શ્રદ્ધાપૂર્વક બાપ્પાની આરતી કરી સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. શ્રી કપીલા હનુમાન યુવા મંડળ દ્વારા ગણેશ મહોત્સવ દરમિયાન વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર હોવાનું જણાવાયું છે. ગણપતિ મહોત્સવને લઈને યુવાનોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ પ્રસંગે સ્થાનિક આગેવાનો, યુવા કાર્યકરો, મંદિર સાથે જોડાયેલા સેવાભાવી લોકો તેમજ આસપાસના રહેવાસીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો.

કપીલા હનુમાનજી મંદિર ખાતે ગણપતિ બાપ્પાની સ્થાપનાથી બાબરા શહેરમાં ગણેશોત્સવની ભક્તિમય શરૂઆત થઈ છે.

# બગસરા નાગરિક સહકારી બેન્કની ચુંટણીમાં ૧૨ ઉમેદવારો બિનહરિફ વિજેતા થયા


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૫

બગસરા નાગરિક સહકારી બેંક લીની ચૂંટણીમાં બાર ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર કર્યા હતા ટોટલ ૧૫ સીટ ની આ ચૂંટણી હોય છે જેમાં કુલ ૩૧ ફોર્મ ભરાયા હતા એક ફોર્મ પાછું ખેંચાયું હતું. બાકીના ફોર્મ રદ થયા હતા બે મહિલા સીટમાંથી એક સીટ અનુસૂચિત જાતિ અને એક સીટ મહિલા અનામતની છે તથા એક સીટ ખાલી રહેલ છે આમ કુલ ૧૨ ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

દેવાઓ દેવાના નાદ સાથે

# વડિયા ખાતે આસ્થાભેર ગણેશોત્સવનો થયો પ્રારંભ

## વેપારી અગ્રણી મિતુલ ગણાત્રાએ પુજાનો લાભ લીધો



અમરેલી, તા. ૧૫

અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી તેમજ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વડિયા લોહાણા મહાજનના મંત્રી મિતુલ ગણાત્રાને ભગવાન સત્યનારાયણ ભગવાનની પૂજા લ્હાવો મળ્યો તેઓની સાથે એમના ધર્મ પત્ની શીતલ ગણાત્રા, પુત્રી કલ્યાણી ગણાત્રા, પુત્ર રણછોડ ગણાત્રા અને માતા કાંતાબેન કાંતિલાલ ગણાત્રા સહ પરિવાર જૂનાગઢ નરસિંમહેતા તળાવ પાસે નીલકમલ સોસાયટીમાં નીલકમલ કા રાજા ગણપતીજી સ્થાપનાના દિવસે નીલકમલ કા રાજાના આગમનમાં સત્યનારાયણ ભગવાનની પૂજા અને કથાનો લ્હાવો મળ્યો. તે બદલ નીલકમલ સોસાયટીના તમામ આયોજકનો ગણાત્રા પરિવાર ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે.

ચાંચ, ખેરા અને કથીવદર સહિત

# રાજુલા પંથકમાં કેબલની ચોરી કરનાર મહિલા આરોપીની અટકાયત

## મરિન પોલીસે મુદ્દામાલ પણ કબ્જે કર્યો



અમરેલી તા. ૧૫

રાજુલા તાલુકાના ચાંચ, ખેરા તથા કથીવદર ગામે કેબલ વાયરની ચોરી કરનાર મહિલા આરોપીને પકડી પાડી ગુન્હાનો ગુન્હાનો ભેદ ઉકેલતી મરીન પીપાવાવ પોલીસ ટીમે ઉકેલ્યો છે.

વિગત એવી છે કે, ગત તારીખ ૨૬ થી તા. ૨૭/૮ દરમ્યાન કોઈ સમયે અજાણ્યા ચોર ઈસમે જી.એચ.સી.એલ. લિમીટેડ યુનીટ નંબર ૨ અને ૪ના કથીવદર, ચાંચ, ખેરા ગામના મીઠાના આગર વિસ્તારમા જી.એચ.સી.એલ. લિમીટેડ કંપનીના કુલ ચૌદ બોરવેલ મોટરનો ૩ CORE 4 SQURE MM FLATE COPPER CABLE આશરે ૧૦૪૫ મીટર લંબાઈનો કિંમત રૂપિયા ૩૫૦૦૦ તેમજ સંજયભાઈ ધુંધરવા (રહે. ચાંચ)ના ખેરા ગામે વોશરી પ્લાન્ટમાં એક બોરવેલના મોટરના કેબલ તથા વોશરી પ્લાન્ટમા લાગેલ મોટરના કેબલનો ૩ CORE 4 SQURE MM ROUND COPPER CABLE આશરે ૪૨૦ મીટરના રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ કેબલ વાયર આશરે ૧૪૬૫ મીટર જેની કુલ કિંમત રૂપિયા ૫૫,૦૦૦ના મુદ્દામાલની કોઈ અજાણ્યા ઈસમે ચોરી કરી ગુન્હો કરેલ હોય. જે અંગેની ફરિયાદ આધારે મરીન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ–૩૦૫ (બી), ૩૨૯(૩) મુજબનો ગુન્હો રજી. થયેલ છે.

જે અન્યવયે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. વી.કે. રાઠોડની રાહબરી હેઠળ આ બનાવમાં ચોરી કરી નાસી ગયેલ આરોપીની ચોકકસ બાતમી તથા ટેકનીકલ મદદ આધારે આ ચોરીના ગુન્હાને અંજામ આપનાર રાજુલા તાલુકાના છતડીયા ગામે હેલીપેડની બાજુમાં રહેતી મનીષાબેન દીલીપભાઈ ચુડાસમા નામની મહિલા આરોપીને ચોરીમાં ગયેલ કેબલ વાયરના બળેલ કેબલ વાયરમાંથી નિકળેલ કોપર તારના ગુંચળા જેનો વજન આશરે ૮ કિ.ગ્રા. કિંમત રૂપિયા ૮૮૦ના મુદ્દામાલ સાથે ગણતરીની કલાકોમા પકડી પાડી મુદ્દામાલ રિકવર કરી મરીન પીપાવાવ પોલીસ ટીમ દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત

# સાવરકુંડલા ઘટક–૧માં ''સામુદાયિક જવાબદારી પોષણ ઉત્સવ'' ની ઉજવણી

## પોષણને પરિવાર પૂરતું સીમિત ન રાખી સમગ્ર સમાજની સહિયારી જવાબદારી બનાવવાનો સંદેશ



અમરેલી, તા. ૧૫

પોષણ ઉત્સવ–૨૦૨૬ અંતર્ગત તા. ૧૪ સપ્ટેમ્બર, સોમવારનાં રોજ સાવરકુંડલા ઘટક–૧માં ''સામુદાયિક જવાબદારી પોષણ ઉત્સવ'' ની ઉજવણી કરવામાં આવી હતી. પોષણને માત્ર પરિવારની જવાબદારી ન ગણતાં સમગ્ર સમાજની સામૂહિક જવાબદારી બનાવવાના ઉદ્દેશ સાથે કાર્યક્રમ યોજાયો હતો.

ગ્રામસભા–ગ્રામ પંચાયતનાં આયોજન હેઠળ આંગણવાડી કેન્દ્ર ખાતે આંગણવાડીની જરૂરિયાતો, એચસીએમ, પોષણ સેવાઓ તેમજ બાળકોના પોષણ અંગે સામાજિક ચર્ચા કરવામાં આવી હતી. સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ અને કિશોરીઓના આરોગ્ય તથા પોષણ અંગે પણ જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પંચાયત, સ્વસહાય જૂથો (એસએચજી) તથા જાહેર સંસ્થાઓના પ્રતિનિધિઓની પોષણલક્ષી કામગીરીમાં જવાબદારી અને સહભાગિતા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આંગણવાડી કેન્દ્રની કામગીરીમાં સમુદાયનો સહયોગ વધે તેમજ બાળકો અને માતાઓને પોષણ સેવાઓનો મહત્તમ લાભ મળે તે માટે ઉપસ્થિતોને પ્રેરિત કરવામાં આવ્યા હતા.

તદુપરાંત જિલ્લા કક્ષાએ યોજાનારી પૌષ્ટિક વાનગી હરીફાઈ સહિતની વિવિધ પ્રવૃત્તિઓમાં સહભાગી થવા અંગે માહિતી આપવામાં આવી હતી. સંતુલિત આહાર, સ્વચ્છતા, સ્થાનિક પૌષ્ટિક ખોરાક અને નિયમિત આરોગ્ય સંભાળ અંગે પણ જાગૃતિ કેળવવામાં આવી હતી.

કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકરો, તેડાગર બહેનો, ગ્રામ પંચાયતનાં પ્રતિનિધિઓ, સ્વસહાય જૂથોની બહેનો, વાલીઓ તેમજ સમુદાયનાં સભ્યોની સક્રિય ભાગીદારી રહી હતી. સમગ્ર કાર્યક્રમ દ્વારા ''સારા પોષણ માટે સૌની સહભાગિતા અને સામુદાયિક જવાબદારી'' નો સંદેશ આપવામાં આવ્યો હતો.

# ભૂરખીયા હનુમાનજી દાદાનાં ગુરૂવારે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

દામનગર, તા. ૧૫

લાઠી તાલુકાના ભૂરખીયા ગામમાં આવેલ સ્વયં પ્રગટશ્રી ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે તા. ૧૭/૯/૨૦૨૬ ને ગુરૂવારના રોજ સવારના ૮ થી બપોરનાં ૧૨ વાગ્યા સુધી ૧૦૨ મો વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પ રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી સુદર્શન નેત્રાલય અમરેલી, લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), અને ભૂરખીયા મંદિર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાશે. મોતીયોના ઓપરેશન વિના મૂલ્યે કરી અપાશે, તેમજ નંબરના ચશ્મા રાહત ભાવે બનાવી આપશે. આધાર પુરાવા સાથે લાભ લેવા આવનાર દર્દીઓએ સમયસર આવવા આયોજકોએ અપીલ કરી છે.

દરિયામાં ભારે પવન ફુંકાવાની સંભાવના હોવાથી

# જાફરાબાદ : આગામી શનિવાર સુધી માચ્છીમારોને દરિયો ન ખેડવા સુચના અપાઈ

## દરિયામાં રહેલ તમામ બોટને સલામત સ્થળે ખસેડવા જણાવાયું



જાફરાબાદ, તા. ૧૫

જાફરાબાદ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક કચેરી દ્વારા પરિપત્ર જાહેર કરવામાં આવ્યો કચેરીના કાર્યક્ષેત્રમાં તળે આવતા તમામ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો જેવા કે જાફરાબાદ, શિયાળબેટ, ચાંચ બંદર, નવાબંદર, સૈયદ રાજપરા તથા સિમર, ખડાબંદરના તમામ માછીમાર બોટ એસો. આગેવાનો, સહકારી મંડળીના પ્રમુખ તથા માછીમાર બોટ માલિકોને પરિપત્ર દ્વારા જણાવેલ કે હવામાન વિભાગ અમદાવાદના બુલેટિન તથા વડી કચેરી ગાંધીનગર ના આધારીત પત્રથી જાણ કરવામાં આવેલ છે કે દરિયામાં ઉંચા મોજા ઓ ઉછાળવાની ૪૧ કી. મી કલાક થી ૬૧ કિ.મી કલાકની ઝડપે પવન ફુંકાવાની સંભાવના અને દરિયો ગાંડોતૂર બનવાની શકયતાઓ હોવાથી તા. ૧૪/૯/૨૦૨૬થી આગામી ૫ દિવસ બોટ માલિકોને સૂચના ન મળે ત્યાં સુધી માછીમારી ટોકન બંધ કરવામાં આવેલ છે. અને દરિયામાં રહેલી તમામ માછીમારી બોટોને તાત્કાલિક અસરથી બંદર ઉપર પરત બોલાવી લેવા કડક આદેશ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક, જાફરાબાદની કચેરી દ્વારા હવામાન વિભાગની આગાહીને પગલે એક મહત્વપૂર્ણ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. આ પરિપત્રમાં જણાવ્યા અનુસાર, તા. ૧૪/૯/૨૬થી આગામી પાંચ દિવસ સુધી દરિયામાં ભારે પવન ફૂંકાવાની અને હવામાન અતિ ખરાબ રહેવાની સંભાવના હોવાથી માછીમારોની જાનમાલની સુરક્ષાને ધ્યાને રાખી આગામી સૂચના ન મળે ત્યાં સુધી કોઈ પણ માછીમારે દરિયામાં માછીમારી કરવા જવું નહીં. આ ઉપરાંત, હાલમાં દરિયામાં ગયેલી તમામ બોટોને તાત્કાલિક અસરથી પરત બોલાવી લેવા અથવા નજીકના બંદર પર સુરક્ષિત રીતે પાર્ક કરી દેવા આદેશ કરાયો છે. વહીવટીતંત્ર દ્વારા આગામી આદેશ સુધી માછીમારી બોટો માટેના ટોકન ઈસ્યુ કરવાનું પણ સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યું છે અને જિલ્લાના તમામ બોટ માલિકો તથા માછીમારોને આ સૂચનાઓનો ચુસ્તપણે અને તાત્કાલિક અમલ કરવા જણાવાયું છે.


**શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ જ્ઞાનશક્તિ ગર્લ્સ સ્કૂલ**
**સ્કૂલ પસંદગી માટે – સ્કૂલ મુલાકાતનું આમંત્રણ**
★ છેલ્લા બે વર્ષથી જ્ઞાનશક્તિ ગર્લ્સ સ્કૂલ કાર્યરત છે. • એકજ કેમ્પસમાં ગર્લ્સ માટે KG થી PG સુધીની સ્કૂલ કોલેજ હોસ્ટેલ ની વ્યવસ્થા છે.
★ સુવ્યવસ્થિત રીતે શિક્ષણ આપી ગર્લ્સની શૈક્ષણિક કારકિર્દી નું ઘડતર થાય છે. • ગર્લ્સનાં ઉજ્જવળ ભવિષ્ય માટે સંસ્કાર અને સલામતી નું જતન થાય છે.
★ બોર્ડ – યુનિવર્સિટી માં હર હંમેશ ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કરતી સંસ્થા
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી.
Ad 137


# અમરેલીનાં ગજેરા કેમ્પસમાં ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ એક દિવસ માટે સંભાળી શિક્ષકની જવાબદારી







અમરેલી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા ખાતે શિક્ષક દિવસની અનોખી અને શૈક્ષણિક અભિગમ ધરાવતી ઉજવણી કરવામાં આવી હતી. ૫ સપ્ટેમ્બરે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનજીની જન્મજયંતિ નિમિત્તે શિક્ષક દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે જાહેર રજાનાં કારણે કેમ્પસમાં આજે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષકની ભૂમિકા સંભાળી પોતાના વર્ગમાં શિક્ષણકાર્ય કરાવ્યું હતું. કેમ્પસની વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓએ શિક્ષક ઉપરાંત પ્રિન્સિપાલ, સુપરવાઈઝર અને વાઈસ પ્રિન્સિપાલ જેવી જવાબદારીઓ પણ સંભાળી હતી. શાળાનાં સંચાલનથી લઈને વર્ગખંડ સુધીની સમગ્ર વ્યવસ્થાનો અનુભવ વિદ્યાર્થીઓએ જાતે કર્યો હતો. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને માત્ર શિક્ષક બનવાનો અનુભવ જ નહીં, પરંતુ શાળા મેનેજમેન્ટથી લઈને વર્ગખંડ સુધી વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક અને વ્યવસ્થાકીય માળખું ઊભું કરવા પાછળ શિક્ષકો તથા કર્મચારીઓ કેટલી મહેનત કરે છે તેનો પણ પ્રત્યક્ષ અનુભવ થયો હતો. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનજીનું પ્રસિદ્ધ વાકય ''શિક્ષક કયારેય સાધારણ નથી હોતા ; તેની ગોદમાં પ્રલય અને નિર્માણ બંને પાંગરે છે.'' આજનાં પ્રસંગે વધુ સાર્થક બન્યું હતું. ટેકનોલોજીનાં આધુનિક યુગમાં બદલાતા શૈક્ષણિક પડકારો વચ્ચે શિક્ષકો સતત નવીનતા અપનાવીને વિદ્યાર્થીઓને યોગ્ય દિશા અને શ્રેષ્ઠ ઘડતર આપે છે, તે બાબતને પણ વિદ્યાર્થીઓએ નજીકથી સમજવાનો પ્રયાસ કર્યો હતો. દિવસભરની આ જવાબદારી સફળતાપૂર્વક નિભાવનાર વિદ્યાર્થીઓને મેનેજમેન્ટ તરફથી પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ પ્રિન્સિપાલ, સુપરવાઈઝર અને વાઈસ પ્રિન્સિપાલ તરીકે જવાબદારી સંભાળનાર વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર આયોજનમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને સહકાર આપનાર તમામ શિક્ષકોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાએ વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું હતું કે, પોતાના શિક્ષકની મહેનતને સમજવી, તેમના કાર્યની કદર કરવી અને શિક્ષકની જવાબદારીનો અનુભવ કરવોએ પણ શિક્ષણનો જ એક મહત્વપૂર્ણ ભાગ છે. આજનો દિવસ વિદ્યાર્થીઓને શિક્ષકનાં કાર્ય અને મૂલ્યને સમજાવતો કાયમી સંભારણું બની રહેશે. આ પ્રસંગે સંસ્થાનાં મંત્રી ચતુરભાઈ ખુંટ તથા કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ તમામ શિક્ષકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને શિક્ષક દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી અને સમગ્ર આયોજનને સફળ બનાવવા બદલ અભિનંદન આપ્યા હતા.

## સત્તાપક્ષનાં સદસ્યોને પુરતી રકમ અને વિપક્ષી સદસ્યોને અન્યાય

# અમરેલી તાલુકા પંચાયતમાં એકને ગોળ ને એક ખોળની નીતિ

### ૧૬માં નાણાપંચની ગ્રાન્ટની રકમ જનતા જનાર્દનનાં પરસેવાની હોવાથી તમામ ચૂંટાયેલ પ્રતિનિધિઓને સમાન રકમ મળવી જોઈએ

### તમામ પક્ષોનાં ચૂંટાયેલ સદસ્યોને તેમના મત વિસ્તારનાં વિકાસ માટે સરખી ગ્રાન્ટ ફાળવવાનાં નિર્ણયનો ઉલાળીયાનો આક્ષેપ

### વિપક્ષમાં રહેલ કોંગ્રેસ તરફથી ચૂંટાયેલ સદસ્યોએ સામાન્ય સભામાં ભારે હોબાળો કર્યો

### તાલુકા પંચાયતનાં વિપક્ષી સદસ્ય વિપુલ પોકિયાએ ભારે વિરોધ દર્શાવ્યો

અમરેલી, તા. ૧૫

અમરેલી તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ૧૬માં નાણાંપંચની ગ્રાન્ટના વિતરણને લઈને કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. કોંગ્રેસમાંથી ચૂંટાયેલા સભ્યોના વિસ્તારોને ગ્રાન્ટ ફાળવવામાં અન્યાય કરવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ કરી, તમામ ચૂંટાયેલા સભ્યોને સમાન અને ન્યાયી રીતે ગ્રાન્ટ ફાળવવાની માંગ કરવામાં આવી હતી.

કોંગ્રેસના તાલુકા પંચાયતના ચૂંટાયેલ સભ્ય વિપુલ પોંકિયએ જણાવ્યું હતું કે, ગત મિટિંગમાં સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો કે તાલુકા પંચાયતની દરેક સીટ દીઠ રકમ એટલે કે ગ્રાન્ટ ફાળવવામાં આવશે. આ નિર્ણય બાદ સામાન્ય સભામાં પણ તે મુજબની કામગીરી આગળ વધારવાની અપેક્ષા હતી.

પરંતુ કોંગ્રેસનો આક્ષેપ છે કે, આ સામાન્ય સભામાં કામો અંગે બધું નક્કી થયા બાદ છેલ્લી ઘડીએ અમુક ભાજપના સભ્યો દ્વારા ટીડીઓને પોતાના સૂચનો આપવામાં આવ્યા અને તેના આધારે અગાઉ નક્કી થયેલી બાબતોમાં ફેરફાર કરી કામો સામાન્ય સભામાં લઈ લેવામાં આવ્યા.

કોંગ્રેસે સવાલ ઉઠાવ્યો છે કે જો ગત મિટિંગમાં સર્વાનુમતે સીટ દીઠ ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, તો પછી છેલ્લી ઘડીએ નિયમો અને અગાઉના નિર્ણયને બાજુ પર રાખીને કેટલાક સભ્યોના સૂચન મુજબ કામો કેવી રીતે બદલાઈ શકે ?

ચૂંટાયેલા પ્રતિનિધિઓને જ જો સમાન હક અને સમાન ગ્રાન્ટ ન મળે તો ગ્રામ્ય વિસ્તારના વિકાસનું શું થશે ? કોંગ્રેસે એવો પણ સવાલ ઉઠાવીને જણાવ્યું હતું કે આ પ્રકારનું વલણ અન્ય ચૂંટાયેલા સભ્યો અને તેમના મતવિસ્તારની જનતા સાથે અન્યાય સમાન છે.

કોંગ્રેસ દ્વારા સામાન્ય સભામાં આ મુદ્દે જોરદાર વિરોધ નોંધાવીને ગ્રાન્ટનું રાજકીય નહીં પરંતુ સમાન, પારદર્શક અને ન્યાયી ધોરણે વિતરણ કરવાની માંગ કરવામાં આવી હતી.

કોંગ્રેસ તરફથી સ્પષ્ટ શબ્દોમાં જણાવાયું હતું કે, ''લોકોએ ચૂંટીને મોકલેલા દરેક સભ્યના વિસ્તારનો વિકાસ કરવાનો સમાન અધિકાર છે. કોઈ પક્ષના સભ્યને પ્રાધાન્ય અને અન્ય ચૂંટાયેલા સભ્યોના વિસ્તારોને અવગણના કરવી યોગ્ય નથી.''

આ સમગ્ર મામલે કોંગ્રેસે જણાવ્યું છે કે સામાન્ય સભામાં થયેલી ચર્ચા અને વિરોધ અંગે વિડિયો રેકોર્ડિંગ અમારી પાસે ઉપલબ્ધ છે, જેમાં સમગ્ર ઘટનાક્રમ અને રજૂ કરવામાં આવેલા વાંધાઓ જોઈ અને સાંભળી શકાય છે.

હવે જોવાનું એ રહ્યું કે તાલુકા પંચાયતના સત્તાધીશો કોંગ્રેસ દ્વારા ઉઠાવવામાં આવેલા આ ગંભીર પ્રશ્નો અંગે શું નિર્ણય લે છે અને ૧૬માં નાણાંપંચની ગ્રાન્ટનું સમાન અને ન્યાયી વિતરણ કરવામાં આવે છે કે પછી ચૂંટાયેલા સભ્યો વચ્ચે ભેદભાવનો સિલસિલો યથાવત રહે છે.

## સાવરકુંડલા : કબીર ટેકરીની સેવાગાથાને શબ્દબદ્ધ કરનાર શિક્ષક મનીષભાઈ વિંઝુડાનું સન્માન



સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલાની પવિત્ર કબીર ટેકરી ખાતે યોજાયેલા એક ભાવસભર કાર્યક્રમમાં માનવતાની મહેક-કબીર ટેકરી પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. કબીર ટેકરી દ્વારા વર્ષોથી ચાલતી સેવાકીય પ્રવૃત્તિઓને આપુસ્તકમાં સુંદર રીતે આલેખવા બદલ સહ-લેખક અને શિક્ષક શ્રી મનીષભાઈ બી. વિંઝુડાનું વિશાળ જનમેદની વચ્ચે શાલ, પુષ્પગુચ્છ અને સન્માનપત્ર અર્પણ કરીને ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.આ પુસ્તકમાં કબીર ટેકરી દ્વારા અવિરત ચાલતી માનવસેવા, અન્નસેવા, ગેસેવા અને જીવદયાનો વિગતવાર ચિતાર આપવામાં આવ્યો છે. ખાસ કરીને શિવરાત્રી મેળા દરમિયાન યાત્રાળુઓ માટે ભોજન- રાહત, ચા-પાણી અને ઉતારાની સેવાઓ, નિર્મળ ટિફિન સેવા અંતર્ગત અશક્ત અને જરૂરિયાતમંદો સુધી પહોંચાડાતું ભોજન તેમજ હોસ્પિટલમાં દર્દીઓ અને તેમના સગાંઓ માટે કરાતી સેવાઓની પ્રેરણાદાયી નોંધ લેવામાં આવી છે. આ ઉપરાંત પક્ષીઓ માટે ચણ-પાણી અને ગૌશાળાની પ્રવૃત્તિઓ પણ કબીર ટેકરીની સેવાયાત્રાની ઓળખ બની રહી છે.

સંતો-મહંતો, શિક્ષકો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં યોજાયેલું આ સન્માન સાવરકુંડલા માટે ગેરવની ક્ષણ બની રહ્યું હતું. આ પુસ્તક માત્ર એક ગ્રંથ નથી, પરંતુ કબીર ટેકરીની સેવા અને સંસ્કારની મહેકને નવી પેઢી સુધી પહોંચાડતો એક અમૂલ્ય પ્રેરણાદાયી દ...

### તિજોરી અધિકારી અને બેન્ક મેનેજરની ઉપસ્થિતિમાં

## અમરેલીમાં આગામી ૧૯ તારીખે પેન્શનર સમાજની વાર્ષિક સામાન્ય સભા યોજાશે

### સામન્ય સભામાં પેન્શન સબંધિત પ્રશ્નો અંગે માર્ગદર્શન અપાશે

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લા તિજોરી કચેરીમાંથી પેન્શન મેળવતા અમરેલી તાલુકાના પેન્શનરોને મહત્વની જાણકારી આપતાં અમરેલી તાલુકા પેન્શન મંડળ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન આગામી તા.૧૯ શનિવારે કપોળ મહાજનવાડી, ટાવર પાસે અમરેલી ખાતે સવારે ૮:૩૦ થી ૧:૩૦ વાગ્યા સુધી કરવામાં આવ્યું છે. અમરેલી શહેરમાં યોજાનારી આ સભામાં તાલુકાના તમામ પેન્શનરોને ઉપસ્થિત રહેવા માટે મંડળ દ્વારા અપીલ કરવામાં આવી છે.

અમરેલી જિલ્લા પેન્શનર મંડળ દ્વારા જણાવાયું છે કે, તાજેતરમાં નિવૃત્ત થયેલા કર્મચારીઓ પણ પેન્શન મંડળમાં જોડાય અને સામાન્ય સભામાં ઉપસ્થિત રહી પેન્શન સંબંધિત માહિતી મેળવે તે માટે ખાસ આગ્રહ કરવામાં આવ્યો છે. સામાન્ય સભામાં જિલ્લા તિજોરી અધિકારી તેમજ વિવિધ બેંકોના મેનેજર અને ગુજરાત પેન્શનર મંડળ ના પ્રમુખ/ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેવાના હોવાથી પેન્શનરોને પોતાના પ્રશ્નો અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહેશે.

આ ઉપરાંત પ્રતિષ્ઠિત કંપનીના અધિકારીઓ દ્વારા નિવૃત્તિ બાદની પ્રવૃત્તિ તેમજ રિક્રૂટમેન્ટ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવશે. પેન્શનરોના હિતને લગતા વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા-વિચારણા થવાની હોવાથી વધુમાં વધુ પેન્શનરો સભામાં હાજર રહે તેવી મંડળ દ્વારા અપીલ કરવામાં આવેલ છે. અમરેલી જિલ્લા પેન્શનર મંડળના પ્રમુખ રાજેશ જયંતીલાલ મહેતા તથા મહામંત્રી ધનશ્યામ ગોરધનદાસ સોરઠીયા દ્વારા જણાવાયું છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com





















### બાંગ્લાદેશના દાવાની પણ પોલ ખોલી

# મસૂદ અઝહર ક્યાં છે પાકિસ્તાન જાણે છે : ભારતનો આકરો પ્રહાર

## બાંગ્લાદેશના વડાપ્રધાનને આમંત્રણ, ચીન સાથેના સંબંધો અને ઓમાનના દરિયાકાંઠે જહાજ પર હુમલા અંગે પણ ભારતે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે

નવી દિલ્હી, તા.૧૫

ભારત અને પાકિસ્તાન વચ્ચે આતંકવાદના મુદ્દે ફરીથી શાબ્દિક ટકરાવ જોવા મળ્યો છે. વિદેશ મંત્રાલયે જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહર પર ઈનામ જાહેર કરવા બદલ પાકિસ્તાનને આડે હાથ લીધું છે. ભારતે કહ્યું છે કે પાકિસ્તાન સારી રીતે જાણે છે કે મસૂદ અઝહર ક્યાં છે અને માત્ર જાહેરાતો કરવાને બદલે તેની સામે નક્કર કાર્યવાહી કરવી જોઈએ. આ ઉપરાંત, બાંગ્લાદેશના વડાપ્રધાનને આમંત્રણ, ચીન સાથેના સંબંધો અને ઓમાનના દરિયાકાંઠે જહાજ પર હુમલા અંગે પણ ભારતે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે.

પાકિસ્તાન સરકારે જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહર પર ૭૦ લાખ પાકિસ્તાની રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ પગલાને ભારતના વિદેશ મંત્રાલયે દુનિયાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ ગણાવ્યો છે. પ્રવક્તા રણધીર જાયસવાલે કહ્યું હોવાનું આપેલી માહિતીમાં જણાવાયું છે કે પાકિસ્તાન આતંકવાદી સંગઠનો સામે કાર્યવાહી કરવાના બદલે આવા નાટક કરતું રહ્યું છે.ભારતનું કહેવું છે કે પાકિસ્તાનને મસૂદ અઝહર ક્યાં છુપાયેલો છે તેની જાણકારી છે. તેથી ઈનામ જાહેર કરવાથી આતંકવાદ સામેની કાર્યવાહી સાબિત થતી નથી. ભારતે પાકિસ્તાનને આતંકવાદીઓ સામે નક્કર અને વિશ્વસનીય પગલાં ભરવાની માગ કરી છે.બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાનને ભારત તરફથી આમંત્રણ ન મળ્યું હોવાના દાવાને પણ વિદેશ મંત્રાલયે ખોટો ગણાવ્યો છે. પ્રવક્તા રણધીર જાયસવાલે જણાવ્યું છે કે ભારતે તેમને દ્વિપક્ષીય મુલાકાત માટે એક આમંત્રણ મોકલ્યું હતું. આ ઉપરાંત, બ્રિક્સ શિખર સંમેલનમાં અધ્યક્ષ તરીકે ભાગ લેવા માટે પણ અલગ આમંત્રણ આપવામાં આવ્યું હતું.આ રીતે, ભારત તરફથી કુલ બે અલગ-અલગ આમંત્રણ મોકલવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આમંત્રણ અંગેના વિવાદ વચ્ચે ભારતે બંને દેશો વચ્ચેના સંબંધો માટે રાજદ્વારી સંવાદના મહત્વ પર ભાર મૂક્યો છે.૧૮મા બ્રિક્સ સંમેલન દરમિયાન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. બેઠકમાં બંને દેશોના હિતો અને સંબંધો અંગે ચર્ચા કરવામાં આવી હતી. ભારતે પોતાના મુદ્દાઓ સ્પષ્ટ શબ્દોમાં રજૂ કર્યા હોવાનું વિદેશ મંત્રાલયે જણાવ્યું છે.ભારતના જણાવ્યા અનુસાર, બંને દેશો વચ્ચેના સંબંધોને આગળ વધારવા માટે પરસ્પર સન્માન, પરસ્પર હિત અને પરસ્પર સંવેદનશીલતા જરૂરી છે. આ ત્રણ સિદ્ધાંતોના આધારે દ્વિપક્ષીય સંબંધોમાં સ્થિરતા લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.ઓમાનના દરિયાકાંઠે પનામાનો ધ્વજ ધરાવતા એક કોમર્શિયલ જહાજ પર હુમલો થયો હતો. જહાજમાં કુલ ૧૪ ભારતીય નાગરિકો અને નાવિકો સવાર હતા, જેમાંથી ૧૩ ભારતીયોને સુરક્ષિત રીતે બચાવી લેવાયા છે. એક ભારતીય નાવિક હજુ લાપતા છે અને તેને શોધવા માટે ઓમાનના સત્તાવાળાઓ સાથે મળીને બચાવ કામગીરી ચાલી રહી છે.

ભારતે વ્યાપારી જહાજો, સામાન્ય નાગરિકો અને નાગરિક માળખા પરના હુમલાઓને અસ્વીકાર્ય ગણાવ્યા છે. આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર સુરક્ષિત અવરજવર જળવાઈ રહે તે માટે ભારતે ભાર મૂક્યો છે.રશિયા સાથે ભારતના ઊર્જા સહયોગને પણ વિદેશ મંત્રાલયે મહત્વપૂર્ણ ગણાવ્યો છે. કુડનકુલમ અણુ ઊર્જા પ્રોજેક્ટ બંને દેશો વચ્ચેના સહકારનું ઉદાહરણ હોવાનું જણાવાયું છે. ભારત આ ભાગીદારીને વધુ વિસ્તારવા માટે ટેકનિકલ સ્તરે ચર્ચા કરી રહ્યું છે.રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા અંગે અમેરિકાના પ્રતિબંધો અને ટેરિફ વિશે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં ભારતે જણાવ્યું છે કે દેશની ઊર્જા જરૂરિયાતો પૂરી કરવા માટે તેલ ખરીદવાનો નિર્ણય રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને લેવામાં આવે છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે સાઉદી અરબના વિદેશ મંત્રી સાથે મુલાકાત કરી હતી. બંને વચ્ચે પ્રાદેશિક સુરક્ષા અને લાલ સમુદ્રમાં વધી રહેલા તણાવ અંગે ચર્ચા થઈ હતી. ભારતે સાઉદી અરબની સરહદો અને નાગરિક માળખા પર હૂતી વિદ્રોહીઓ દ્વારા કરવામાં આવેલા હુમલાઓની નિંદા કરી છે.આ સાથે, વિવાદાસ્પદ ધર્મપ્રચારક ઝાકિર નાઈકનો મુદ્દો પણ મલેશિયા સરકાર સમક્ષ સતત ઉઠાવવામાં આવી રહ્યો હોવાનું ભારતે જણાવ્યું છે. આંતરરાષ્ટ્રીય સુરક્ષા અને રાજદ્વારી સંબંધોના વિવિધ મુદ્દાઓ વચ્ચે ભારતે પોતાની નીતિ સ્પષ્ટ કરી છે.

### જનતાનો ઉગ્ર વિરોધ; ટાયરો સળગાવી હાઈવે જામ

# સીરિયામાં ડીઝલના ભાવમાં એક ઝાટકે ૪૦%નો વધારો

## રશિયાથી ક્રૂડ ઓઈલની સપ્લાય ઘટતાં અને બનિયાસ રિફાઇનરી બંધ રહેતાં ઇંધણની તંગી ગંભીર બની; ૯૦% ગરીબીમાં જીવતી વસ્તી પર મોંઘવારીનો મોટો ફટકો

દમાસ્કસ, તા.૧૫

સીરિયામાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં અચાનક થયેલા ભારે વધારાને પગલે જનતાનો રોષ ફાટી નીકળ્યો છે.

સરકારે ડીઝલની કિંમતમાં ૪૦%નો વધારો કરતાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન ટાયરો સળગાવવામાં આવ્યા હતા અને રાજધાની દમાસ્કસને ઔદ્યોગિક શહેર અલેપ્પો સાથે જોડતા મુખ્ય હાઈવે સહિતના માર્ગો બ્લોક કરવામાં આવ્યા હતા. આ ભાવવધારાએ યુદ્ધ અને આર્થિક સંકટથી પહેલેથી જ મુશ્કેલીમાં જીવતા સામાન્ય પરિવારોની ચિંતામાં વધારો કર્યો છે.સીરિયા સરકારે શનિવારે ડીઝલના ભાવમાં ૪૦%નો વધારો કરીને તેને ૧૭૫ સીરિયાઈ પાઉન્ડ પ્રતિ લીટર કરી દીધો છે. આપેલી વિગતો અનુસાર, આ કિંમત આશરે ૧.૩૨ અમેરિકન ડોલર અથવા ભારતીય ચલણમાં લગભગ ૧૨૭ પ્રતિ લીટર થાય છે. દેશમાં લગભગ ૯૦% વસ્તી ગરીબીમાં જીવતી હોવાના અહેવાલો વચ્ચે આ વધારો સામાન્ય લોકો માટે મોટો આર્થિક બોજ બન્યો છે.સરકારે ડીઝલ ઉપરાંત પેટ્રોલ અને ગેસના ભાવમાં પણ વધારો કર્યો છે. ૯૫ ઓક્ટેન પેટ્રોલ ૨૮% વધીને ૧૯૫ પાઉન્ડ પ્રતિ લીટર થયું છે, જ્યારે ૯૦ ઓક્ટેન પેટ્રોલના ભાવમાં ૨૬%નો વધારો થતાં તે ૧૮૫ પાઉન્ડ પ્રતિ લીટર થયો છે. ઘરગથ્થુ અને ઔદ્યોગિક ગેસના ભાવમાં પણ ૯%નો વધારો કરવામાં આવ્યો છે. ઈંધણ મોંઘું થતાં પરિવહન ખર્ચ, ખાદ્ય ચીજવસ્તુઓ અને રોજિંદા જીવનની અન્ય જરૂરિયાતો પર વધારાનો દબાણ ઊભો થવાની શક્યતા છે.સીરિયાના ઊર્જા મંત્રાલયે જણાવ્યું છે કે દેશ ઈંધણ માટે આયાત પર ભારે નિર્ભર છે. આંતરરાષ્ટ્રીય બજારમાં તેલ ખરીદવાની કિંમત વધતાં સરકારને ભાવવધારો કરવાની ફરજ પડી છે. સીરિયા અગાઉ રશિયા પાસેથી દરરોજ આશરે ૬૦,૦૦૦ બેરલ ક્રૂડ ઓઈલ આયાત કરતું હતું. યુક્રેનના હુમલા બાદ રશિયાએ નિકાસ પર નિયંત્રણો મૂકતાં આ સપ્લાયમાં ઘટાડો થયો છે.

આ ઉપરાંત, દેશની સૌથી મોટી બનિયાસ રિફાઈનરી છેલ્લા ત્રણ મહિનાથી સમારકામ માટે બંધ છે. રિફાઈનરી બંધ રહેવાના કારણે સ્થાનિક ઈંધણ ઉત્પાદન અને પુરવઠા પર અસર પડી છે.

આયાતમાં ઘટાડો અને રિફાઈનરી બંધ રહેવાની સ્થિતિએ સીરિયાની ઈંધણ તંગીને વધુ ગંભીર બનાવી છે.આપેલી માહિતી પ્રમાણે, ફેબ્રુઆરી મહિનાની સરખામણીએ સીરિયામાં ૯૫ ઓક્ટેન પેટ્રોલના ભાવમાં ૮૬%નો વધારો થઈ ચૂક્યો છે, જ્યારે ડીઝલના ભાવ બમણાથી પણ વધુ થઈ ગયા છે. વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલની સપ્લાય અને કિંમતોમાં થતી અસ્થિરતાની અસર અનેક દેશોમાં જોવા મળી રહી છે. જોકે, વિવિધ દેશોમાં ભાવવધારાની ટકાવારી અલગ છે અને સ્થાનિક કર, સબસિડી તથા ચલણના ફેરફાર જેવા પરિબળો પણ તેની પાછળ જવાબદાર હોય છે.સીરિયાની હાલની સ્થિતિમાં ઈંધણના ભાવવધારાએ આર્થિક સંકટ, ગરીબી અને પુરવઠાની સમસ્યાઓને વધુ ગંભીર બનાવી છે. સરકાર સામે હવે ઈંધણનો પુરવઠો સામાન્ય કરવા અને સામાન્ય જનતા પર વધતા ખર્ચનો બોજ ઘટાડવાનો પડકાર ઊભો થયો છે.

### બાબ અલ-મંદેબ અને હોર્મુઝનું સંકટ

# સાઉદીની મુખ્ય ઓઈલ પાઈપલાઈન ઠપ થતાં વૈશ્વિક સપ્લાય પર સંકટ

## હુમલા બાદ પાઈપલાઈન બંધ કરવામાં આવી હોવાના અહેવાલ છે. તેના કારણે દૈનિક ૪૦ લાખ બેરલ તેલની નિકાસ અટકી પડવાની સ્થિતિ સર્જાઈ છે

રિયાદ, તા.૧૫

મધ્ય પૂર્વમાં વધતી સૈન્ય અસ્થિરતાએ વૈશ્વિક ક્રૂડ ઓઈલ સપ્લાય અંગે નવી ચિંતા ઊભી કરી છે. આપેલી માહિતી અનુસાર, ૧૦ અને ૧૧ સપ્ટેમ્બરે ઈરાકથી આવેલા ડ્રોન હુમલામાં સાઉદી અરેબિયાની મહત્વપૂર્ણ ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈનના રિયાદ અને મદીના ક્ષેત્રોમાં આવેલા પંપ સ્ટેશનોને નુકસાન પહોંચ્યું છે. હુમલા બાદ પાઈપલાઈન બંધ કરવામાં આવી હોવાના અહેવાલ છે. તેના કારણે દૈનિક ૪૦ લાખ બેરલ તેલની નિકાસ અટકી પડવાની સ્થિતિ સર્જાઈ છે.

આ ઘટનાએ પહેલેથી જ સંકટગ્રસ્ત વૈશ્વિક ઊર્જા બજારમાં પુરવઠા અંગેની ચિંતા વધારી છે. જોકે, આપેલી માહિતીમાં ક્રૂડ ઓઈલના ભાવ ૧૦૦ ડોલર પ્રતિ બેરલને પાર પહોંચ્યાનો દાવો કરવામાં આવ્યો છે, પરંતુ આ ભાવ અને હુમલાની વિગતોની સ્વતંત્ર પુષ્ટિ અહીં ઉપલબ્ધ નથી.સાઉદી અરેબિયાની ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈન, જેને પેટ્રો લાઈન તરીકે પણ ઓળખવામાં આવે છે, દેશના પૂર્વ વિસ્તારમાં આવેલા તેલ ઉત્પાદન કેન્દ્રોને પશ્ચિમ કિનારે આવેલા યાન્બુ બંદર સાથે જોડે છે. પર્શિયન ગલ્ફના દરિયાઈ માર્ગો પર સંકટ ઊભું થાય ત્યારે વૈકલ્પિક નિકાસ માર્ગ તરીકે આ પાઈપલાઈનનું વ્યૂહાત્મક મહત્વ છે.આપેલી માહિતી મુજબ, પાઈપલાઈનની દૈનિક ક્ષમતા ૭૦ લાખ બેરલ છે અને સામાન્ય રીતે ૪૦થી ૫૦ લાખ બેરલ તેલ પસાર થાય છે. જો દૈનિક ૪૦ લાખ બેરલની નિકાસ ખરેખર અટકી હોય, તો વૈશ્વિક બજારમાં ઉપલબ્ધ સપ્લાય પર નોંધપાત્ર અસર પડી શકે છે. જોકે, પાઈપલાઈનની ક્ષમતા અને વાસ્તવિક બંધ પડેલી નિકાસના આંકડાઓની સત્તાવાર પુષ્ટિ જરૂરી છે.

મધ્ય પૂર્વના ઊર્જા પરિવહન માટે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અને બાબ અલ-મંદેબ અત્યંત મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો છે. હોર્મુઝ મારફતે પર્શિયન ગલ્ફમાંથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલનું પરિવહન થાય છે, જ્યારે બાબ અલ-મંદેબ લાલ સમુદ્ર અને હિંદ મહાસાગર વચ્ચેના વેપાર માટે મહત્વપૂર્ણ માર્ગ છે.

આ માર્ગો પર સુરક્ષાનો ખતરો વધે તો જહાજોને લાંબા વૈકલ્પિક માર્ગો અપનાવવા પડે છે. તેના કારણે પરિવહન ખર્ચ, વીમા પ્રીમિયમ અને ડિલિવરી સમય વધી શકે છે. જો સાઉદીની પાઈપલાઈન પણ લાંબા સમય સુધી બંધ રહે, તો વૈશ્વિક બજારમાં સપ્લાય અંગેની ચિંતા વધુ ઊંડી બની શકે છે.ક્રૂડ ઓઈલના ભાવમાં સતત વધારો થાય તો પેટ્રોલિયમ પેદાશોની કિંમત પર દબાણ વધે છે. જોકે, ક્રૂડના ભાવ વધે એટલે ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ તરત જ એટલા જ પ્રમાણમાં વધશે એવું જરૂરી નથી. ભારતના સ્થાનિક ઈંધણ ભાવ પર આંતરરાષ્ટ્રીય ક્રૂડની કિંમત ઉપરાંત રૂપિયા-ડોલર વિનિમય દર, કર, રિફાઈનિંગ ખર્ચ અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓની કિંમત નીતિની અસર પડે છે.જો વૈશ્વિક સપ્લાયમાં મોટો અને લાંબો વિક્ષેપ સર્જાય, તો આયાત ખર્ચ વધવાથી ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ પર પણ દબાણ આવી શકે છે. બીજી તરફ, સરકાર અથવા કંપનીઓ ભાવવધારો કેટલો ગ્રાહકો પર નાખે છે તે નક્કી કરશે. તેથી હાલના દાવાઓના આધારે ભારતમાં પેટ્રોલના ભાવમાં ચોક્કસ કેટલો વધારો થશે તે કહેવું વહેલું છે.વૈશ્વિક તેલ બજાર હવે સાઉદી પાઈપલાઈનના સમારકામ, પર્શિયન ગલ્ફના દરિયાઈ માર્ગોની સુરક્ષા અને અન્ય દેશોના વધારાના પુરવઠા પર નજર રાખશે. જો પાઈપલાઈનનું સમારકામ ૧૦થી ૧૫ દિવસમાં પૂર્ણ થાય અને વૈકલ્પિક સપ્લાય ઉપલબ્ધ રહે, તો ભાવ પરનું દબાણ ઘટી શકે છે. પરંતુ સંકટ લાંબું ચાલે તો ક્રૂડના ભાવમાં વધુ અસ્થિરતા અને આયાત આધારિત દેશો માટે મોંઘવારીનું જોખમ ઊભું થઈ શકે છે.

### બુલડોઝર એક્શન પર હાઈકોર્ટ લાલઘૂમ

# આખી બિલ્ડિંગ ફરી બનાવો અને ૧૦ લાખ વળતર આપો', અધિકારીઓ ફસાયા

## પૂર્વ મેદિનીપુરમાં સરકારી જમીન પરથી દબાણ દૂર કરવાના બહાને તેમની વ્યાપારી ઇમારત પણ તોડી પાડવામાં આવી હતી

કલકત્તા, તા.૧૫

દબાણ હટાવવાની કામગીરી દરમિયાન બે માળની વ્યાપારી ઈમારત તોડી પાડવાના મામલે કલકત્તા હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે અધિકારીઓને નવી બિલ્ડિંગ બનાવી આપવાનો, ત્યાં સુધી મફતમાં વૈકલ્પિક રહેઠાણ પૂરું પાડવાનો અને ૧૦ લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે.કલકત્તા હાઈકોર્ટે સરકારી જમીન પરથી કથિત અતિક્રમણ (દબાણ) હટાવવાની કાર્યવાહી દરમિયાન બે માળની કોમર્શિયલ બિલ્ડિંગ તોડી પાડવા બદલ રાજ્ય તંત્રની આકરી ઝાટકણી કાઢી છે. જસ્ટિસ પાર્થ સારથી સેને કબિતા મન્ના અને અન્ય એક વ્યક્તિની અરજી પર સુનાવણી કરતા આ ચુકાદો આપ્યો હતો. અરજદારોનો આક્ષેપ હતો કે, પૂર્વ મેદિનીપુરમાં સરકારી જમીન પરથી દબાણ દૂર કરવાના બહાને તેમની વ્યાપારી ઈમારત પણ તોડી પાડવામાં આવી હતી.રિપોર્ટ અનુસાર, હાઈકોર્ટે પોતાના આદેશમાં સ્પષ્ટ કર્યું કે, રજૂ કરાયેલા પુરાવાઓ પરથી સાબિત થાય છે કે અધિકારીઓએ પોતાની નિર્ધારિત સીમાથી બહાર જઈને કાર્યવાહી કરી છે. અરજદારોની મિલકતને કોઈ પણ કાયદેસરના અધિકાર વિના તોડી પાડવામાં આવી હતી. આથી, સંબંધિત સત્તામંડળને નિર્દેશ આપવામાં આવ્યો છે કે, નવી ઈમારત બનીને તેનો કબજો અરજદારોને ન સોંપાય ત્યાં સુધી તેમને તે જ વિસ્તારમાં કોઈ પણ ચાર્જ વિના વૈકલ્પિક આવાસ પૂરું પાડવામાં આવે.

આ મામલો પૂર્વ મેદિનીપુરમાં સરકારી જમીન પરના દબાણ સાથે જોડાયેલો હતો. અરજદારોએ સ્થાનિક ગ્રામ પંચાયત પાસેથી નકશો મંજૂર કરાવીને બે માળનું કોમર્શિયલ મકાન બનાવ્યું હતું, અને તેમાંથી જ પોતાનો વ્યવસાય ચલાવતા હતા. સરકારી જમીન પરથી દબાણ હટાવવાના આદેશ બાદ ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૪ અને ૧૭ માર્ચ ૨૦૨૫ના રોજ તપાસ રિપોર્ટ તૈયાર કરાયા હતા, જેમાં સરકારી પ્લોટ નંબર ૧ અને ૧૨ પર દબાણ હોવાનું જણાવાયું હતું. જોકે, અધિકારીઓએ દબાણ હટાવતી વખતે સરકારી પ્લોટની સાથે અરજદારોના પોતાના માલિકીના પ્લોટ (LR પ્લોટ નંબર ૬૫૦) પર બનેલી ઈમારત પણ જમીનદોસ્ત કરી દીધી હતી.બે વર્ષમાં બનાવવી પડશે નવી ઈમાર.હાઈકોર્ટે અરજી મંજૂર કરતાં આદેશ આપ્યો છે કે, સત્તામંડળે મંજૂર થયેલા નકશા મુજબ બે વર્ષની અંદર અરજદારોને નવી ઈમારત બનાવીને આપવી પડશે.

૧૦ લાખનું વળતર બે હપ્તામાં ચૂકવવું પડશે.ગેરકાયદેસર તોડફોડ બદલ કોર્ટે અરજદારોને ૧૦ લાખનું વળતર આપવાનો પણ આદેશ કર્યો છે, જે બે સરખા હપ્તામાં ચૂકવવાનું રહેશે.

પ્રથમ હપ્તો: ૫ લાખ (ઓક્ટોબર ૨૦૨૬ના અંત સુધીમાં)

બીજો હપ્તો: ૫ લાખ (ફેબ્રુઆરી ૨૦૨૭ના અંત સુધીમાં)

આ ઉપરાંત, નવી બિલ્ડિંગ તૈયાર ન થાય ત્યાં સુધી અરજદારો માટે મફત વૈકલ્પિક રહેઠાણની વ્યવસ્થા પણ સરકારે જ કરવાની રહેશે.

### ભારત-નેપાળ ઊર્જા સંબંધોને મળશે વેગ

# નેપાળમાં પૂરથી વીજળી સંકટ, ભારત બન્યું મદદગાર

## ભારતના વીજ મંત્રાલયે નેપાળને દરરોજ ૧૮ કલાક સુધી વીજળીની નિકાસ કરવાની મંજૂરી આપી છે

કાઠમંડુ, તા.૧૫

ખાસ કરીને પનબિજળીના અનેક માળખાને નુકસાન પહોંચતાં દેશમાં સ્થાનિક સ્તરે વીજ ઉત્પાદન ઘટ્યું છે. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં ભારતે નેપાળને વીજળીની મદદ કરવાનો નિર્ણય લીધો છે. ભારતના વીજ મંત્રાલયે નેપાળને દરરોજ ૧૮ કલાક સુધી વીજળીની નિકાસ કરવાની મંજૂરી આપી છે. આ વ્યવસ્થા ૧૩ સપ્ટેમ્બરથી ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ મંજૂરી હેઠળ ભારતથી નેપાળને બે મુખ્ય વીજ લાઈનો મારફતે વીજળી પહોંચાડવામાં આવશે. મુઝફ્ફરપુર-ઢલ્કેબર વીજ લાઈન દ્વારા મહત્તમ ૬૦૦ મેગાવોટ સુધી વીજળી મોકલી શકાશે. જ્યારે ટનકપુર-મહેન્દ્રનગર લાઈન મારફતે ૫૪ મેગાવોટ સુધી વીજળીની નિકાસ કરવાની મંજૂરી આપવામાં આવી છે. બંને લાઈનોની મહત્તમ ક્ષમતાને જોડવામાં આવે તો નેપાળને કુલ ૬૫૪ મેગાવોટ સુધી વીજળી પૂરી પાડવાની મંજૂરી મળી છે.

નેપાળમાં આવેલા પૂરે ત્યાંની વીજ ઉત્પાદન વ્યવસ્થાને મોટું નુકસાન પહોંચાડ્યું છે. દેશની વીજળીની જરૂરિયાતનો મોટો હિસ્સો પનબિજળી પર આધારિત હોવાથી વીજ પરિયોજનાઓને થયેલા નુકસાનની સીધી અસર ઉત્પાદન પર પડી છે. સ્થાનિક વીજ ઉત્પાદન ઘટતાં નેપાળમાં વીજળીની માંગ અને જરૂરિયાત વધી છે.

આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતે વીજળીની નિકાસ વધારવાનો નિર્ણય લીધો છે. ભારત તરફથી મળનારી વીજળી નેપાળને તેની તાત્કાલિક જરૂરિયાતો પૂરી કરવામાં મદદ કરશે. પૂરથી અસરગ્રસ્ત વીજ પરિયોજનાઓને ફરી સામાન્ય સ્થિતિમાં આવવામાં સમય લાગી શકે છે, તેથી આ વીજ સહાય નેપાળ માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

નેપાળને વીજળી પહોંચાડવા માટે બે અલગ ટ્રાન્સમિશન લાઈનોનો ઉપયોગ કરવામાં આવશે. પ્રથમ મુઝફ્ફરપુર-ઢલ્કેબર ૪૦૦ કે.વી. ડબલ સર્કિટ લાઈન છે, જેના દ્વારા ૬૦૦ મેગાવોટ સુધી વીજળી મોકલી શકાશે. બીજી ટનકપુર-મહેન્દ્રનગર ૧૩૨ કે.વી. સિંગલ સર્કિટ લાઈન છે, જેના દ્વારા ૫૪ મેગાવોટ સુધી વીજળી પહોંચાડવામાં આવશે.

જોકે, મંજૂર મહત્તમ ક્ષમતા ૬૫૪ મેગાવોટ છે, પરંતુ વાસ્તવમાં કેટલા પ્રમાણમાં વીજળી મોકલવામાં આવશે તે નક્કી કરાયેલી વ્યવસ્થા અને જરૂરિયાત મુજબ નક્કી થશે. જાન્યુઆરી ૨૦૨૭થી નેપાળને કેટલી વીજળી આપવામાં આવશે તેની સમીક્ષા ડિસેમ્બર દરમિયાન કરવામાં આવશે.

ભારતની આ પહેલ માત્ર નેપાળની હાલની વીજ જરૂરિયાત પૂરી કરવા પૂરતી નથી, પરંતુ બંને દેશો વચ્ચેના લાંબા સમયથી ચાલી રહેલા ઊર્જા સહયોગને પણ વધુ મજબૂત બનાવશે. મુશ્કેલીના સમયમાં ભારત તરફથી મળતી વીજળી નેપાળના વીજ ક્ષેત્રને સ્થિર કરવામાં મદદરૂપ થઈ શકે છે.

ભારતે ફરી એકવાર સ્પષ્ટ કર્યું છે કે તે નેપાળને જરૂરી સહયોગ આપવા માટે પ્રતિબદ્ધ છે. પૂરથી સર્જાયેલી મુશ્કેલીઓ વચ્ચે ભારતની વીજળી સહાય નેપાળ માટે રાહતરૂપ બની શકે છે અને બંને દેશો વચ્ચેના ઊર્જા સહયોગને નવી દિશા આપી શકે છે.

### ૫ જ વર્ષમાં કોઈએ વિચાર્યું નહીં હોય તેવો વિનાશ થશે

# ગૂગલના ટોચના AI વૈજ્ઞાનિકનું રાજીનામું, આપી ભયાનક ચેતવણી

## એન્જલ્સ OpenAI અને એન્થ્રોપિક તરફથી મળેલી મોટી ઓફર્સ પણ ફગાવી દીધી છે અને AI ઇવેલ્યુએશન સંસ્થા 'METR'માં જોડાયા છે

નવી દિલ્હી, તા.૧૫

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI)ના અતિ ઝડપી અને અનિયંત્રિત વિકાસ સામે ટેક જગતના વૈજ્ઞાનિકોનો ભય સતત વધી રહ્યો છે. તાજેતરમાં એન્થ્રોપિકના રિસર્ચર જેકબ કોક્સન દ્વારા માનવજાતના અસ્તિત્વ સામે તોળાતા જોખમોની ચેતવણી આપ્યા બાદ, હવે ગૂગલ ડીપમાઈન્ડની AGI સેફ્ટી ટીમના અગ્રણી રિસર્ચર જોશ એન્જલ્સે કંપનીમાંથી રાજીનામું આપી દીધું છે. એન્જલ્સ OpenAI અને એન્થ્રોપિક તરફથી મળેલી મોટી ઓફર્સ પણ ફગાવી દીધી છે અને AI ઈવેલ્યુએશન સંસ્થા 'METR'માં જોડાયા છે. "મને હવે એવો ભયાનક ડર લાગી રહ્યો છે કે આગામી ૫ વર્ષમાં જ AI સિસ્ટમ્સ માનવજાતને અકલ્પનીય મોટું નુકસાન પહોંચાડી શકે છે. મને ચોક્કસ ટકાવારી નથી ખબર, પરંતુ આ જોખમ એટલું વિશાળ છે કે આજે વિશ્વમાં AI સેફ્ટી સૌથી મહત્ત્વપૂર્ણ સમસ્યા બની ચૂકી છે."

ફીડબેક લૂપ: જ્યારે કોઈ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સિસ્ટમ અન્ય નવી AI સિસ્ટમ્સ ડિઝાઈન કરવા કે સુધારવા સક્ષમ બને છે, ત્યારે તે નવી સિસ્ટમ વધુ ઝડપથી પોતાને સુધારે છે. આનાથી એક એવો ઝડપી લૂપ સર્જાય છે જે માણસના નિયંત્રણ બહાર જતો રહે છે.

સુપરઈન્ટેલિજન્સની આંધળી દોડ: તમામ મોટી ટેક કંપનીઓ માનવીય મગજ કરતાં હજારો ઘણી ઝડપી 'સુપરઈન્ટેલિજન્સ' સિસ્ટમ બનાવવા પાછળ દોડી રહી છે.

જોશ એન્જલ્સના મતે, સૌથી ગંભીર સમસ્યા એ છે કે વૈજ્ઞાનિકો આ સિસ્ટમ્સને માનવીય મૂલ્યો અને નિયંત્રણો સાથે સુરક્ષિત રાખવાનું હજુ સંપૂર્ણપણે શીખી શક્યા નથી. જો કોઈ અનિયંત્રિત AI સેલ્ફ-ઈમ્પ્રૂવમેન્ટ લૂપ શરૂ કરશે, તો તે વૈશ્વિક આપત્તિ સર્જી શકે છે.

કંપનીઓના નેટવર્કમાં હેકિંગ કરવું, પોતાની ક્રિયાઓ અને પુરાવા છુપાવવા તથા મનુષ્યો સાથે સોશિયલ એન્જિનિયરિંગ (છેતરપિંડી) કરવાના ગંભીર કિસ્સા સામે આવ્યા છે.જોશ એન્જલ્સે જણાવ્યું કે AI વિકાસને સાવ અટકાવવાની જરૂર નથી, પરંતુ તેની સ્પીડ એટલી ધીમી કરવી જોઈએ જેથી સુરક્ષા સંશોધન તેની સાથે તાલ મિલાવી શકે. તેમની નવી સંસ્થા METRમાં તેઓ AIની સુરક્ષા ખામીઓનું વિશ્લેષણ કરશે અને વર્તમાન સલામતી પગલાં કેટલા અસરકારક છે તેનું મૂલ્યાંકન કરશે. તેમણે ટેક કંપનીઓની મનમાની અટકાવવા માટે સ્વતંત્ર મૂલ્યાંકન કરતી તટસ્થ સંસ્થાઓ ઊભી કરવાની હિમાયત કરી છે.

અગાઉ જેકબ કોક્સને પણ ખુલાસો કર્યો હતો કે આ સિસ્ટમ બનાવનારા લોકો પોતે ડરી રહ્યા છે કે AI આ દાયકાના અંત સુધીમાં માનવજાતનો નાશ કરી શકે છે. એન્થ્રોપિકના અલાઈનમેન્ટ સાયન્સ લીડ ઈવાન હ્યુબિંગરે પણ કોક્સનની વાતને સમર્થન આપતાં આગામી દાયકામાં આવો ખતરો ૧૦ ટકાથી વધુ હોવાની શક્યતા દર્શાવી હતી.

### રાજસ્થાન સ્થાનિક ચૂંટણી

# અજમેરમાં ૩૬ વર્ષ પછી ભાજપનો ગઢ તૂટ્યો, ૧૦ મનપામાં કાંટાની ટક્કર

## આ ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારોએ પણ મોટો પ્રભાવ પાડતાં ૨,૨૭૩ બેઠકો પોતાના નામે કરી છે

જયપુર, તા.૧૫

રાજસ્થાનમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના સોમવારે જાહેર થયેલા પરિણામોએ રાજ્યના શહેરી રાજકારણમાં મોટો ઉલટફેર સર્જ્યો છે. સત્તાધારી ભારતીય જનતા પાર્ટી અને વિરોધ પક્ષ કોંગ્રેસ બંને માટે આ પરિણામો મિશ્ર સાબિત થયા છે. એક તરફ ભાજપે જયપુર, કોટા અને અલવર જેવા મુખ્ય શહેરોમાં પોતાની સરસાઈ જાળવી રાખી છે, તો બીજી તરફ કોંગ્રેસે ૩૬ વર્ષ પછી ભાજપના ગઢ ગણાતા અજમેરમાં ઐતિહાસિક વિજય મેળવીને સૌને ચોંકાવી દીધા છે. રાત્રે ૮.૩૦ વાગ્યા સુધીમાં જાહેર થયેલા ૧૦,૨૪૪ વોર્ડ પૈકીના ૧૦,૨૩૫ વોર્ડના પરિણામો મુજબ ભાજપ ૪,૧૭૯ બેઠકો સાથે આગળ રહ્યું છે, જ્યારે કોંગ્રેસે ૩,૬૧૩ બેઠકો જીતી છે. આ ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારોએ પણ મોટો પ્રભાવ પાડતાં ૨,૨૭૩ બેઠકો પોતાના નામે કરી છે. બાકીની બેઠકો RLP, BSP, BAP, CPIM અને આમ આદમી પાર્ટી જેવા નાના પક્ષોના ફાળે ગઈ છે.ભાજપ જયપુર, કોટા અને અલવરમાં સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે. જ્યારે ઉદયપુર અને ભીલવાડામાં ભાજપે સ્પષ્ટ બહુમતી હાંસલ કરી લીધી છે.

બીકાનેરમાં કોંગ્રેસે સ્પષ્ટ બહુમતી મેળવી છે, જ્યારે અજમેર અને પાલીમાં કોંગ્રેસ સૌથી મોટો પક્ષ બન્યો છે. પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેના ગૃહ નગર ઝાલાવાડમાં પણ કોંગ્રેસે વિજય મેળવ્યો છે.

ભરતપુરમાં અપક્ષ ઉમેદવારોનું સૌથી મજબૂત પ્રદર્શન રહ્યું છે, જ્યારે જોધપુરમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે લગભગ સરખી બેઠકો સાથે ટાઈ જેવી સ્થિતિ સર્જાઈ છે.

રાજ્ય ચૂંટણી પંચના આંકડા મુજબ, અજમેરમાં ભાજપ ૩૬ વર્ષ પછી ચૂંટણી હારી ગયું છે. અજમેરના ૮૦ વોર્ડમાંથી કોંગ્રેસે ૩૭ બેઠકો જીતીને સૌથી મોટો પક્ષ બનવાનું ગૌરવ મેળવ્યું છે, જ્યારે ભાજપને ૩૨ અને અપક્ષોને ૧૧ બેઠકો મળી છે. ગત ચૂંટણીમાં ભાજપને ૪૮ બેઠકો મળી હતી અને કોંગ્રેસ માત્ર ૧૮ બેઠકો પર અટકી ગઈ હતી.

જયપુર મહાનગરપાલિકાના ૧૫૦ વોર્ડમાં ભાજપ સ્પષ્ટ બહુમતીથી માત્ર એક બેઠક છેટું રહી ગયું છે. ભાજપે ૭૫ વોર્ડમાં જીત મેળવી છે, જ્યારે કોંગ્રેસને ૫૦ અને અપક્ષોને ૧૨ બેઠકો મળી છે.પૂર્વ મેયરની હાર: કોંગ્રેસ છોડીને ભાજપની ટિકિટ પર લડેલા જયપુરના પૂર્વ મેયર જ્યોતિ ખંડેલવાલ કોંગ્રેસના ઉમેદવાર સુનિતા મેથી સામે હારી ગયા છે.મેયર પદના દાવેદારની જીત: ભાજપના સુનિલ કોઠારી, જેમને મેયર પદના પ્રબળ દાવેદાર માનવામાં આવે છે, તેઓ પોતાની બેઠક જીતી ગયા છે.રાજસ્થાનની જનતાએ 'વિકસિત ભારત-વિકસિત રાજસ્થાન'ના સંકલ્પને સ્વીકાર્યો છે. આ પરિણામો ભાજપના શાસન અને વિકાસ એજન્ડામાં જનતાના વધતા વિશ્વાસને દર્શાવે છે.

ભજનલાલ શર્મા, મુખ્યમંત્રી, રાજસ્થાન

આ ચૂંટણીએ દર્શાવી દીધું છે કે જે તફાવત અગાઉ લગભગ આઠ ટકા જેટલો રહેતો હતો, તે હવે ઘટીને માત્ર એક ટકાની આસપાસ આવી ગયો છે.

— ગોવિંદ સિંહ ડોટાસરા, પ્રદેશ પ્રમુખ, કોંગ્રેસ

ડિડવાના-કુચામન જિલ્લાની પરબતસર નગરપાલિકાના વોર્ડ ૧૩ માંથી લડનારા ભાજપના ઉમેદવાર કૈલાશચંદને ફક્ત ૧ જ મત મળ્યો હતો.

નાગૌર જિલ્લાની રિયાંબડી નગરપાલિકાના વોર્ડ ૧૫ માંથી ચૂંટણી લડનારા કોંગ્રેસના ઉમેદવારને પણ માત્ર ૧ જ મત મળ્યો હતો.

### ૧૦ પાટીદાર સામે સકંજો

# અમેરિકામાં કરોડોનું ડ્રગ્સ-હવાલા નેટવર્ક પકડાયું

**સપ્ટેમ્બર ૨૦૨૫માં અધિકારીઓએ ગોડાઉનો પર દરોડા પાડીને ગેરકાયદે પદાર્થો ધરાવતી લગભગ ૧.૪ લાખ વસ્તુઓ જપ્ત કરી હતી**

પેન્સિલવેનિયા, તા.૧૫

મોટા પ્રમાણમાં ગુજરાતીઓ અમેરિકા સ્થાયી થયા છે. તે પૈકી કેટલાક કાળા કામ કરતાં પકડાય છે. અમેરિકામાં પોલીસે ડ્રગ્સ અને હવાલા નેટવર્કનો પર્દાફાશ કરીને ૧૦ પાટીદારોની ધરપકડ કરી હતી. તેમની પાસેથી કરોડોનું કાળું નાણું ઝડપાયું હતું.અમેરિકાના પેન્સિલવેનિયા ખાતે ગેરકાયદે ટેટ્રાહાઇડ્રોકેનાબિનોલ અને ગાંજાના મોટા પાયે વેચાણ તેમજ લાખો ડૉલરના કથિત ગેરકાયદે નાણાંની હેરફેરના મામલે ૧૦ ગુજરાતીઓની ધરપકડ કરવામાં આવી છે. પેન્સિલવેનિયાના એટર્ની જનરલની કચેરી અનુસાર, આ કથિત ડ્રગ-ટ્રાફિકિંગ નેટવર્કની તપાસ ડિસેમ્બર ૨૦૨૪માં શરૂ થઈ હતી.આરોપીઓની ઓળખ ધર્મેશ પટેલ, મિતુલ પટેલ, અંકિત પટેલ, કેતન પટેલ, રોશની પટેલ, પલક પટેલ, દિવ્યેશ પટેલ, નીરવ પટેલ, માધવ પટેલ અને અલબીના પટેલ તરીકે થઈ છે. અધિકારીઓએ તેમની સામે ભ્રષ્ટ સંગઠન ચલાવવા, પ્રતિબંધિત પદાર્થોની સપ્લાય કરવા અને વેચાણના ઈરાદા સાથે જથ્થો રાખવા સહિતના ગુનાઓ નોંધ્યા છે.કોર્ટના દસ્તાવેજો અને એટર્ની જનરલની કચેરી અનુસાર, આ જૂથ કથિત રીતે અનેક લિમિટેડ લાયબિલિટી કંપનીઓ દ્વારા કામ કરતું હતું.

સમગ્ર પેન્સિલવેનિયામાં ટેટ્રાહાઇડ્રોકેનાબિનોલ પ્રોડક્ટ્સ સપ્લાય કરવા માટે વેસ્ટમોરલેન્ડ અને એલેગેની કાઉન્ટીઓના ગોડાઉનનો ઉપયોગ કરતું હતું. તપાસકર્તાઓએ જણાવ્યું કે આ ઉત્પાદનો સ્થાનિક વેપ શોપ્સ દ્વારા સપ્લાય કરવામાં આવતા હતા અને છેવટે સ્કૂલે જતા બાળકો સહિતના ગ્રાહકો સુધી પહોંચતા હતા.તપાસમાં એક મોટા નાણાકીય નેટવર્કનો પણ પર્દાફાશ થયોહતો, જેના દ્વારા ડ્રગ્સના વેચાણમાંથી મળેલી રકમ વિવિધ બિઝનેસ સંસ્થાઓ અને નાણાકીય સંસ્થાઓ વચ્ચે ફેરવવામાં આવતી હતી. તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, આરોપીઓ સાથે જોડાયેલી કંપનીઓના આશરે ૩૭ નાણાકીય સંસ્થાઓમાં ખાતાઓ હતા. કોર્ટના દસ્તાવેજો મુજબ, જાન્યુઆરીથી મે ૨૦૨૫ દરમિયાન માત્ર એક જ ખાતામાંથી અંદાજે બે કરોડ ડૉલર (આશરે રૂ. ૧૬૬ કરોડથી વધુ)ના વ્યવહારો નોંધાયા હતા. સપ્ટેમ્બર ૨૦૨૫માં અધિકારીઓએ ગોડાઉનો પર દરોડા પાડીને ગેરકાયદે પદાર્થો ધરાવતી લગભગ ૧.૪ લાખ વસ્તુઓ જપ્ત કરી ત્યારે આ કૌભાંડની વિશાળતા સામે આવી હતી. માત્ર પ્લમ સ્થિત ગોડાઉનમાંથી જ આશરે ૧૨ હજાર પ્રતિબંધિત વસ્તુઓ મળી આવી હતી. જપ્ત કરાયેલા સામાનમાં ટેટ્રાહાઇડ્રોકેનાબિનોલ યુક્ત ગમીઝ (ચોકલેટ/કેન્ડી), ગેરકાયદે વેપ પ્રોડક્ટ્સ અને ગાંજો સામેલ હતા.કોર્ટના દસ્તાવેજો મુજબ, તપાસકર્તાઓએ એક અંડરકવર ઓપરેશન પણ હાથ ધર્યું હતું જેમાં ગોડાઉનમાંથી સીધી ખરીદી કરવામાં આવી હતી. તપાસ દર્શાવે છે કે કેટલાક ચોક્કસ સભ્યો ગોડાઉનની કામગીરી સંભાળતા હતા, જ્યારે સમગ્ર પેન્સિલવેનિયામાં પ્રોડક્ટ્સ પહોંચાડવા માટે ઘણા વાહનો અને અન્ય વ્યક્તિઓનો ઉપયોગ થતો હતો.આ કેસથી અત્યંત નશીલા ટેટ્રાહાઇડ્રોકેનાબિનોલ ઉત્પાદનોના જોખમો પણ સામે આવ્યા હતા. તપાસ દરમિયાન વેસ્ટમોરલેન્ડ કાઉન્ટીની એક મહિલાએ ગ્રાન્ડ જ્યુરીને જણાવ્યું હતું કે સ્થાનિક વેપ શોપમાંથી ખરીદેલી ટેટ્રાહાઇડ્રોકેનાબિનોલ યુક્ત કેન્ડી ખાધા પછી તેની ચાર વર્ષની પુત્રીને હૉસ્પિટલમાં દાખલ કરવી પડી હતી.આરોપીઓ પૈકી ક્રેનબેરીના દિવ્યેશ પટેલ અને પલક પટેલ તેમજ પિટ્સબર્ગની અલબીના પટેલ સામે ભ્રષ્ટ સંગઠન ચલાવવા સહિતના ગંભીર આરોપો છે. મુનહાલના માધવ પટેલ અને નીરવ પટેલ, હન્ટિંગડન વેલીના અનિલ પટેલ અને બેન્સાલેમના ધર્મેશ પટેલ સામે પણ કેસ નોંધાયો છે; જ્યારે બેન્સાલેમના કેતન પટેલ અને હન્ટિંગડન વેલીની રોશની પટેલ સામે વધારાના ષડયંત્ર અને સંગઠનાત્મક આરોપો મૂકવામાં આવ્યા છે.

### ૨૦ સપ્ટેમ્બરથી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન યોજનારા

# ભાદરવી પૂનમના મહામેળા અર્થે અંબાજીમાં ૧૦૦૦ ઘાણ દ્વારા મોહનથાળનો પ્રસાદ બનશે

**શાસ્ત્રોક્તવિધિ મુજબ હોમ-હવન કરીને નિર્વિઘ્ને અને શુદ્ધતાપૂર્વક પ્રસાદ નિર્માણ કાર્ય શરૂ કરાયું**

પાલનપુર, તા.૧૫

શક્તિપીઠ અંબાજી ખાતે આગામી ૨૦ સપ્ટેમ્બરથી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન યોજનારા ભાદરવી પૂનમ મહામેળામાં ગુજરાત સહિત દેશભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ અંબાજી દર્શનાર્થે આવતા હોય છે. શ્રદ્ધાળુઓમાં માતાજીના પ્રિય મોહનથાળ પ્રસાદનું વિશેષ મહત્વ રહેલું છે.

મેળાના પ્રારંભ પૂર્વે આજે ગણેશ ચતુર્થીએ અંબાજી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કેમ્પસમાં વિશેષ ડોમ બનાવીને મોહનથાળ પ્રસાદ બનાવવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. શાસ્ત્રોક્તવિધિ મુજબ હોમ-હવન કરીને નિર્વિઘ્ને અને શુદ્ધતાપૂર્વક પ્રસાદ નિર્માણ કાર્ય શરૂ કરાયું હતું. આ વર્ષે પ્રસાદ નિર્માણનો પ્રારંભ 'નારી શક્તિ'ના હસ્તે કરાવવામાં આવ્યો હતો, જેમાં ડીએફઓ, પ્રાંત અધિકારીઓ સહિતના મહિલા અધિકારીઓ અને અંબાજીના મહિલા સફાઈ યોદ્ધાઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.મહામેળા દરમિયાન અંદાજે ૪૦ લાખ જેટલા મોહનથાળ પ્રસાદના પેકેટ તૈયાર કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. જેના માટે આખા મેળા દરમિયાન ૧૦૦૦ જેટલા ઘાણ વપરાશે. પ્રસાદની ગુણવત્તા, સ્વચ્છતા અને સુરક્ષા બાબતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ કાળજી રાખવામાં આવી રહી છે.મોહનથાળના એક ઘાણમાં ૧૦૦ કિલો ખાંડ, ૨૦૦ કિલો બેસન, ૭૬.૫ કિલોથી વધુ શુદ્ધ દેશી ઘી અને ૨૦૦ ગ્રામ ઈલાયચીનો ઉપયોગ કરવામાં આવે છે.

પ્રસાદ લાંબા સમય સુધી સારો અને ગુણવત્તાયુક્ત ટકી રહે તે માટે તેમાં દૂધનો ઉપયોગ કરવામાં આવતો નથી અને ઘીનો વિશેષ ઉપયોગ કરી તેની શુદ્ધતા અકબંધ રાખવામાં આવે છે.

### ગુજરાતની ન્યાયપ્રણાલીના ઇતિહાસમાં એક અત્યંત ઝડપી અને ઐતિહાસિક ચુકાદો

# ચાર્જશીટના ૪૮ કલાકમાં જ સુનાવણી પૂર્ણ, આરોપીને ૨૦ વર્ષની જેલ

**કલોલની સેશન્સ કોર્ટે ૧૫ કલાકમાં જ પોક્સો કેસની ટ્રાયલ પૂર્ણ કરી, પીડિતાને ૨ લાખનું વળતર મંજૂર**

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતની ન્યાય પ્રણાલીના ઈતિહાસમાં એક અત્યંત ઝડપી અને ઐતિહાસિક ચુકાદો સામે આવ્યો છે. કલોલની સેશન્સ કોર્ટે ચાર્જશીટ રજૂ થયાના માત્ર ૪૮ કલાકની અંદર અને પ્રત્યક્ષ કોર્ટ કામગીરીના ગણતરીના ૧૫ કલાકમાં પોક્સો કેસનો તમામ કાનૂની તબક્કો પૂર્ણ કરી આરોપીને દોષિત ઠેરવ્યો છે. ત્રીજા સેશન્સ જજ બી. આર. રાજપૂતની અદાલતે આ સત્વરે સુનાવણી બાદ આરોપીને ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૨ લાખના દંડની સજા સંભળાવી છે.આ કેસની વિગત મુજબ, મૂળ બિહારના અરરિયા જિલ્લાનો અને હાલ કલોલના સાંતેજ-વડસર રોડ પર સ્થિત જેડીએસ કાસ્ટઇંગ કંપનીમાં રહેતો ગુફરાન મોજાહિદ પઠાણ નામનો યુવક એક સગીરાને લાલચ આપી પ્રેમજાળમાં ફસાવી લઈ ગયો હતો.

ત્યારબાદ લગ્નની લાલચ આપી અપહરણ કરી અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે સાંતેજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. કેસ અદાલતમાં પહોંચતાં જ સરકારી વકીલ જિગ્નેશ એચ. જોષીએ ત્વરિત કાર્યવાહી કરી માત્ર એક દિવસમાં તમામ મહત્વના સાક્ષીઓની જુબાની નોંધાવી દલીલો રજૂ કરી હતી. મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓની ચકાસણીના આધારે અદાલતે ચુકાદો આપ્યો હતો.ચુકાદો આપતાં કોર્ટે મહત્વપૂર્ણ અવલોકન કર્યું હતું કે કાયદાનો મુખ્ય હેતુ બાળકો ભયમુક્ત વાતાવરણમાં ઉછરીને જવાબદાર નાગરિક બને તે સુનિશ્ચિત કરવાનો છે. જો માસૂમો પર અત્યાચાર ચાલુ રહેશે તો તંદુરસ્ત સમાજની કલ્પના શક્ય નથી.

### જિનપિંગના પરત ફર્યા બાદ ડ્રેગનનું મોટું નિવેદન

# ભારત પોતાની જમીન પર ચીન-વિરોધી ગતિવિધિ નહીં થવા દે!

બૈજિંગ, તા.૧૫

બ્રિક્સ સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે થયેલી બેઠકને લઈને ચીનના વિદેશ મંત્રાલયે મોટું નિવેદન આપ્યું છે. ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ જણાવ્યું કે, ચીન સાથેના સંબંધોને લઈને ભારતનો દ્રષ્ટિકોણ કોઈ ત્રીજા પક્ષના પ્રભાવથી મુક્ત છે. ભારતે સ્પષ્ટ કર્યું છે કે તે પોતાની જમીન પર કોઈને પણ ચીન-વિરોધી ગતિવિધિઓ કરવા દેશે નહીં.વડાપ્રધાન મોદી સાથેની બેઠકનો ઉલ્લેખ કરતા વાંગ યીએ કહ્યું કે બંને નેતાઓએ વ્યૂહાત્મક, દીર્ઘકાલીન અને દિશા-નિર્દેશ આપતા મુદ્દાઓ પર ખુલીને ચર્ચા કરી હતી.

બંને નેતાઓ વચ્ચે સૌથી મોટો મહત્ત્વપૂર્ણ નિર્ણય એ બન્યો કે ભારત અને ચીને એકબીજાના ભાગીદાર બનવું જોઈએ. રાષ્ટ્રપતિ જિનપિંગે કહ્યું કે બંને દેશો એકબીજાની શક્તિઓનો લાભ લઈ શકે છે, સમર્થન કરી શકે છે અને સાથે મળીને વિકાસ સાધી શકે છે.ચીની વિદેશ મંત્રીએ જણાવ્યું કે બંને દેશોના નેતાઓ સરહદી ક્ષેત્રોમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખવા માટે સાથે મળીને કામ કરવા સહમત થયા છે.

બંને પક્ષોએ પરસ્પર રાજકીય ભરોસાને વધુ મજબૂત કરવાનો, મતભેદો અને વિરોધાભાસને યોગ્ય રીતે ઉકેલવાનો તથા સરહદી વિસ્તારોમાં સ્થિરતા જાળવવાનો સંકલ્પ લીધો છે. વડાપ્રધાન મોદીએ પણ સ્પષ્ટ કર્યું કે ભારત ચીનનો દુશ્મન નહીં પરંતુ ભાગીદાર બનવા તૈયાર છે.ભારત અને ચીન બંને બ્રિક્સને ગ્લોબલ સાઉથ માટે એક મહત્ત્વપૂર્ણ મંચ માને છે. જો કે તેમની પ્રાથમિકતાઓમાં થોડો તફાવત હોઈ શકે છે, પરંતુ ક્લાયમેટ ચેન્જ, વિકાસ, ખાદ્ય અને ઉર્જા સુરક્ષા, વૈશ્વિક વેપાર અને વિકાસશીલ દેશોના પ્રતિનિધિત્વ જેવા અનેક મુદ્દાઓ પર બંને દેશોના સમાન હિતો જોડાયેલા છે. સરહદના મુદ્દાઓ અને દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારવા માટે પરસ્પર સન્માન અને સમજદારીની રાજકીય સૂઝબૂઝ અપનાવવાની જરૂર પર ભાર મૂકવામાં આવ્યો છે.

### સ્ટુડન્ટ અને પત્રકારોને મળી રાહત

# કોર્ટે આપ્યો ટ્રમ્પને ઝટકો, ફેડરલ જજે વીઝા કેપ નિયમ પર લગાવી રોક

**અમેરિકામાં હાલમાં આશરે ૧૬ લાખ લોકો 'F' વિઝા અને પાંચ લાખ લોકો 'J' વિઝા ધારકો વસે છે**

નવી દિલ્હી, તા.૧૫

અમેરિકા સ્થિત બોસ્ટનના એક સંઘીય ન્યાયાધીશે સોમવારે ટ્રમ્પ પ્રશાસનને વિદેશી સ્ટુડન્ટ્સ, એક્સચેન્જ વિઝિટર્સ અને પત્રકારો વગર એક્સટેંશન વિઝિટર્સ અને પત્રકારો વગર એક્સટેન્શને અમેરિકામાં રહેવાનો સમયગાળો સીમિત કરત. અમેરિકન ડિસ્ટ્રિક્ટ જજ એફ. ડેનિસ સેલોરે યુનિયનો અને ઉચ્ચ શિક્ષણની હિમાયત કરતા જૂથોના ગઠબંધનની તરફેણમાં ચુકાદો આપ્યો છે. કોર્ટનો આ નિર્ણય ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી (DHS) ના નિયમ લાગુ થવાના બરાબર એક દિવસ પહેલાં આવ્યો છે.જજે જણાવ્યું કે વિભાગે આ નિયમ બનાવતી વખતે ખૂબ જ નબળી દલીલો રજૂ કરી હતી અને આ નિર્ણય રાષ્ટ્રીય સુરક્ષા તેમજ છેતરપિંડી રોકવાના નામે લગભગ પાંચ દાયકા જૂની વ્યવસ્થાને પલટી રહ્યો હતો.જજ સેલોરે કહ્યું કે DHS એ વિઝા સિસ્ટમમાં છેતરપિંડી અટકાવવા અને રાષ્ટ્રીય સુરક્ષાનો હવાલો આપ્યો હતો, પરંતુ વિભાગે નિયમ બદલવાથી ઊભી થનારી સમસ્યાઓ પર યોગ્ય ધ્યાન ન આપ્યું અને સરળ વિકલ્પો પર પણ વિચાર ન કર્યો.ભૂતપૂર્વ રિપબ્લિકન રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબલ્યુ. બુશ દ્વારા નિમણૂક પામેલા જજે જણાવ્યું કે આ નિયમ અમેરિકાની એ પાંચ દાયકા જૂની વ્યવસ્થાને પલટી નાખત, જેના હેઠળ વિદેશી વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસક્રમની સમગ્ર મુદત સુધી દેશમાં રહી શકતા હતા અને કામ કરી શકતા હતા. આ વ્યવસ્થાથી કરોડો વિદ્યાર્થીઓ અને સંશોધકો દ્વારા વિજ્ઞાન, તબીબી અને ટેક્નોલોજી ક્ષેત્રે પ્રગતિ થઈ તથા દેશના અર્થતંત્રને પણ મોટો ફાયદો થયો હતો.મળતી માહિતી મુજબ, હાલમાં આશરે 16 લાખ લોકો 'F' વિઝા અને 5 લાખ લોકો 'J' વિઝા ધારકો છે. જજે ચેતવણી આપી હતી કે આ નવી નીતિના કારણે મોટી યુનિવર્સિટીઓમાં એડમિશન (પ્રવેશ) ઘટી શકે છે અને તેમને કરોડો ડૉલરનું નુકસાન સહન કરવું પડી શકે છે.

### બેંગ્લુરુ પોલીસના અનેક રાજ્યોમાં દરોડા, પાંચ કરોડની દવા જપ્ત

# બેંગ્લુરુમાં ૫૦ ટકા ડિસ્કાઉન્ટથી નકલી કેન્સર ડ્રગ, આઇસીયુ ઇન્જેકશન્સના વેચાણનું કૌભાંડ

**૯૦થી પણ વધુ હોસ્પિટલો અને ક્લિનિક્સને દવાઓનું વેચાણ કરાયાનો દાવો, ફાર્મસી માલિકની ધરપકડ**

બેંગ્લુરુ, તા.૧૫

બેંગ્લુરુમા કેન્સરની બનાવટી દવાના કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.તપાસકારો હવે બનાવટી અને રિપેકેજડ થયેલી દવાઓ ૯૦થી પણ વધુ હોસ્પિટલોઅને ક્લિનિક્સને મોકલવામાં આવી હતી તેની તપાસ કરી રહ્યા છે. બેંગ્લુરુ પોલીસની સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સિટ) અને ડ્રગ કંટ્રોલ ડિપાર્ટમેન્ટ દ્વારા આ તપાસ સંયુક્ત રીતે હાથ ધરવામાં આવી રહી છે.આ કૌભાંડના સંદર્ભમાં ફાર્મસી કૃપા હેલ્થકેરના માલિક વીરેશકુમાર જૈનની ધરપકડ કરવામાઁ આવી છે. અહેવાલો મુજબ પોલીસે જણાવ્યું હતું કે જૈનની ફાર્મસી કૃપા હેલ્થકેરનો ઉપયોગ બનાવટી દવાઓનો સંગ્રહ કરવા અને તેનું વિતરણ કરવા માટે કરવામાં આવતો હતો. બેંગ્લુરુમાં મિનર્વા સર્કલ નજીક ફાર્મસીમાં પોલીસે દરોડો પાડતા અને શંકાસ્પદ બનાવટી ડ્રગ્સનો નોંધપાત્ર જથ્થો કબ્જે કરતાં આ તપાસનો વ્યાપ વધ્યો હતો. જપ્ત કરવામાં આવેલા જથ્થામાં કેન્સરની દવાઓ, જીવનરક્ષક દવાઓ અને આઈસીયુ ઈન્જેકશન્સનો સમાવેશ થાય છે.

તપાસકર્તાઓ માને છે કે કૌભાંડીઓ આ બનાવટી દવાઓ હોસ્પિટલો, ક્લિનિક્સ અને મેડિકલ સ્ટોર્સને ૫૦ ટકા સુધીના ડિસ્કાઉન્ટે પૂરી પાડતા હતા.આ અંગે વરિષ્ઠ અધિકારીને ટાંકીને સ્થાનિક અખબારે આપેલા અહેવાલમાં જણાવાયું હતું કે અમે સંખ્યાબંધ દસ્તાવેજો જપ્ત કર્યા છે, તેમા આ દવાઓ ખરીદવામાં આવી અને પછી વેચવામાં આવી તથા તેનું વિતરણ કરવામાં આવ્યું તેની ચકાસણી કરવામાં આવી રહી છે. બિડાડી ખાતે ૧૮મી ઓગસ્ટના રોજ દરોડો પાડવામાં આવ્યો ત્યાં સુધી કોઈને આ કૌભાંડની ખબર ન હતી. સત્તાવાળાઓને તેમા ૪.૯ કરોડની બનાવટી દવાઓ મળી આવી હતી, તેની સાથે તેના બનાવટી દસ્તાવેજો, ઈન્જેકશન્સથી ભરેલા સાધનો અને બનાવટી લેબલ્સનો સમાવેશ થાય છે.

આ તપાસના પગલે સિટે કર્ણાટક, હરિયાણા, હિમાચલ પ્રદેશ, તમિલનાડુ અને મહારાષ્ટ્રમાં ૧૦ સ્થળોએ તપાસ કરી હતી. તેના પગલે તપાસકારો કૃપા હેલ્થકેર અને તેના માલિક વીરેશકુમાર સુધી પહોંચ્યા હતા. તપાસકારો હવે આ દવાઓ વેચવામાં મહત્ત્વની ભૂમિકા જાવનારા ૧૫ મેડિકલ રિપ્રેઝન્ટેટિવની ભૂમિકા પણ ચકાસી રહ્યા છે.સિટના વડા અને જોઈન્ટ પોલીસ કમિશ્નર (વેસ્ટ) વામસી કૃષ્ણાએ જણાવ્યું હતું કે તપાસ હજી પણ ચાલી રહી છે અને તપાસકર્તાઓ હજી આ ઈન્ટરસ્ટેટ કૌભાંડનો વ્યાપ કેટલો છે તેના તળિયા સુધી પહોંચી શક્યા નથી. અમે બેન્ક ટ્રાન્ઝેકશન્સ રેકોર્ડ, ખરીદી અને વેચાણના આંકડા તથા અન્ય દસ્તાવેજો મેળવ્યા છે. આના પરથી કૌભાંડની ખબર પડી છે. પોલીસનું માનવું છે કે જૈન પાંચ વર્ષથી કૌભાંડ ચલાવતો હતો. તે પ્રશાંત સાથે જોડાયેલો હોવાનું માનવામાં આવે છે.આ પ્રશાંત કૌભાંડનો માસ્ટરમાઈન્ડ હોવાનું તપાસકર્તાઓ માની રહ્યા છે.

### દિલ્હી હાઇકોર્ટનો મહત્વનો નિર્ણય

# પીડિતાને માતૃત્વ માટે મજબૂર ન કરી શકાય, ગર્ભપાતને મંજૂરી

**૧૫ વર્ષની પીડિતાના ગર્ભાવસ્થા - અંદાજે ૩૦ અઠવાડિયા અને ૫ દિવસને સમાપ્ત કરવાની મંજૂરી આપી**

નવી દિલ્હી, તા.૧૫

એક મહત્વપૂર્ણ ચુકાદામાં, દિલ્હી હાઈકોર્ટે જણાવ્યું હતું કે સગીર બળાત્કાર પીડિતાને ગર્ભાવસ્થા ચાલુ રાખવા માટે દબાણ કરી શકાતું નથી. ન્યાયાધીશ મધુ જૈને ૧૫ વર્ષની પીડિતાના ગર્ભાવસ્થા - અંદાજે ૩૦ અઠવાડિયા અને ૫ દિવસને સમાપ્ત કરવાની મંજૂરી આપી.

એક મહત્વપૂર્ણ ચુકાદામાં, દિલ્હી હાઈકોર્ટે જણાવ્યું હતું કે સગીર બળાત્કાર પીડિતાને ગર્ભાવસ્થા ચાલુ રાખવા માટે દબાણ કરી શકાતું નથી. ન્યાયાધીશ મધુ જૈને ૧૫ વર્ષની પીડિતાના ગર્ભાવસ્થા - અંદાજે ૩૦ અઠવાડિયા અને ૫ દિવસને સમાપ્ત કરવાની મંજૂરી આપી.

કોર્ટે અવલોકન કર્યું કે જાતીય હુમલાના પરિણામે ગર્ભાવસ્થા ચાલુ રાખવી એ પીડિતાના ગૌરવ અને શારીરિક સ્વાયત્તાતાનું ગંભીર ઉલ્લંઘન છે; તેના પર માતૃત્વની જવાબદારી લાદવી તેના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે. MTP કાયદાની કાનૂની મર્યાદાઓ કરતાં બંધારણીય અધિકારોને પ્રાથમિકતા આપવામાં આવી હતી. કોર્ટે હોસ્પિટલને પ્રક્રિયા ઝડપી બનાવવા અને DNA નમૂનાઓ સાચવવાનો નિર્દેશ આપ્યો, અને રાજ્યને ખર્ચ ઉઠાવવાનો આદેશ આપ્યો.

### ૫૬૬ બેઠકોની મોટી સરસાઈ

# રાજસ્થાનમાં ભાજપનો 'દબદબો'! ૪૧% વોર્ડ કબજે, કોંગ્રેસ ૩૫% પર અટકી

**ચૂંટણીની સરખામણી અગાઉ ૨૦૧૯થી ૨૦૨૧ દરમિયાન યોજાયેલી સ્થાનિક ચૂંટણીઓ સાથે કરવામાં આવી રહી છે**

જયપુર, તા.૧૫

રાજસ્થાનની શહેરી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપે શાનદાર પ્રદર્શન કરીને કોંગ્રેસને પાછળ છોડી દીધી છે. ઉપલબ્ધ પરિણામો મુજબ ભાજપે કુલ 10,244 વોર્ડમાંથી 4,179 વોર્ડમાં જીત મેળવી છે, જ્યારે કોંગ્રેસને 3,613 વોર્ડ મળ્યા છે. આમ, ભાજપનો વોર્ડમાં હિસ્સો 40.8 ટકા અને કોંગ્રેસનો 35.3 ટકા રહ્યો છે. બંને પક્ષ વચ્ચે 566 વોર્ડનું અંતર જોવા મળ્યું છે. આ પરિણામોને મુખ્યમંત્રી ભજનલાલ શર્માની સરકાર માટે મહત્વપૂર્ણ રાજકીય સફળતા તરીકે જોવામાં આવી રહી છે. જોકે, સ્થાનિક ચૂંટણીમાં ઉમેદવાર, સ્થાનિક મુદ્દા અને અપક્ષોની ભૂમિકા પણ મહત્વની રહે છે.રાજસ્થાનમાં આ વખતે 309 શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટણી યોજાઈ હતી. તેમાં મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપલ કાઉન્સિલ અને નગરપાલિકા જેવા સ્થાનિક એકમોનો સમાવેશ થાય છે. 14 સપ્ટેમ્બરે સાંજે 7 વાગ્યા સુધીના ઉપલબ્ધ આંકડા પ્રમાણે 10,244 વોર્ડમાંથી 10 વોર્ડના પરિણામો બાકી હતા. ભાજપ 4,179 વોર્ડ સાથે પ્રથમ ક્રમે રહ્યું, જ્યારે કોંગ્રેસ 3,613 વોર્ડ સાથે બીજા ક્રમે રહી.

અપક્ષ ઉમેદવારોએ પણ 2,273 વોર્ડમાં જીત મેળવી છે. એટલે કે કુલ પરિણામમાં અપક્ષોની ભૂમિકા પણ નોંધપાત્ર રહી છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચેનો તફાવત 566 વોર્ડનો રહ્યો છે, જે બંને પક્ષોની શહેરી રાજકીય સ્થિતિ વચ્ચેનો મહત્વનો ફરક દર્શાવે છે.આ વખતની ચૂંટણીની સરખામણી અગાઉ 2019થી 2021 દરમિયાન યોજાયેલી સ્થાનિક ચૂંટણીઓ સાથે કરવામાં આવી રહી છે. જોકે, સીમાંકન પ્રક્રિયાને કારણે આ વખતે કુલ વોર્ડની સંખ્યામાં મોટો વધારો થયો છે. અગાઉ લગભગ 7,474 વોર્ડ હતા, જ્યારે હવે આ સંખ્યા વધીને 10,244 થઈ છે. એટલે કે રાજ્યમાં 2,770 નવા વોર્ડ ઉમેરાયા અને કુલ વોર્ડની સંખ્યામાં 37.1 ટકાનો વધારો થયો. આ ફેરફારને કારણે માત્ર બેઠકોની સંખ્યા પરથી બંને ચૂંટણીઓની સીધી સરખામણી કરવી મુશ્કેલ બને છે. તેમ છતાં, વોર્ડના કુલ હિસ્સામાં ભાજપનો વધારો અને કોંગ્રેસનો ઘટાડો સ્પષ્ટપણે જોવા મળે છે.અગાઉની સ્થાનિક ચૂંટણીઓમાં ભાજપે આશરે 2,666 વોર્ડ જીત્યા હતા, જે વધીને હવે 4,179 થયા છે. એટલે ભાજપની બેઠકોમાં 56.8 ટકાનો વધારો થયો છે.

બીજી તરફ કોંગ્રેસના વોર્ડ 3,042થી વધીને 3,613 થયા છે, એટલે તેની બેઠકોમાં 18.7 ટકાનો વધારો થયો છે. પરંતુ કુલ વોર્ડના પ્રમાણમાં કોંગ્રેસનો હિસ્સો 40.7 ટકાથી ઘટીને 35.3 ટકા થયો છે. ભાજપનો હિસ્સો 35.7 ટકાથી વધીને 40.8 ટકા થયો છે. અપક્ષોનો હિસ્સો પણ 22.4 ટકાથી થોડો ઘટીને 22.2 ટકા રહ્યો છે. આ આંકડા દર્શાવે છે કે નવા વોર્ડ ઉમેરાયા હોવા છતાં ભાજપે કોંગ્રેસની તુલનામાં વધુ મજબૂત પ્રદર્શન કર્યું છે.ભાજપ અને કોંગ્રેસ સિવાય કેટલાક પ્રાદેશિક પક્ષોએ પણ પોતાની હાજરી નોંધાવી છે. હનુમાન બેનીવાલની રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી (RLP)ના વોર્ડ 14થી વધીને 63 થયા છે, જે 350 ટકાનો ઉછાળો છે. CPI(M)ના વોર્ડ પણ 8થી વધીને 38 થયા છે. બીજી તરફ BSPના વોર્ડ 24થી ઘટીને 19 થયા છે. રાજસ્થાનને પરંપરાગત રીતે 'સ્વિંગ સ્ટેટ' માનવામાં આવે છે અને શહેરી વિસ્તારો ભાજપનો મજબૂત આધાર ગણાય છે. ડિસેમ્બર 2023ની વિધાનસભા ચૂંટણી બાદ સત્તામાં આવેલી ભાજપ સરકાર માટે સ્થાનિક ચૂંટણીના આ પરિણામો સંગઠનાત્મક રીતે પણ મહત્વ ધરાવે છે.

### દિલ્હી એરપોર્ટ પર મોટી સુરક્ષા ખામી

# ત્રણ ઇટાલિયન મુસાફરોએ ઇમિગ્રેશન ક્લિયરન્સ વિના ઉડાન ભરતા વિવાદ

**વિદેશ મંત્રાલયે એર ઇન્ડિયાને કારણ બતાવો નોટિસ જારી કરીને સાત દિવસમાં જવાબ માંગ્યો**

મુંબઈ, તા.૧૫

દિલ્હી એરપોર્ટ પર સુરક્ષામાં મોટી ખામી જોવા મળી. ત્રણ ઈટાલિયન મુસાફરો ઈમિગ્રેશન ક્લિયરન્સ વિના ભારત છોડી ગયા. ત્રણેય અમૃતસરથી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં દિલ્હી પહોંચ્યા હતા. આ ઘટના અંગે, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એર ઈન્ડિયાના SOP ના પાંચ જોગવાઈઓના ઉલ્લંઘનનો ઉલ્લેખ કર્યો. મંત્રાલયે એર ઈન્ડિયાને કારણ બતાવો નોટિસ જારી કરીને સાત દિવસમાં જવાબ માંગ્યો.હકીકતમાં, એર ઈન્ડિયાની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર બોર્ડિંગ પાસને બે શ્રેણીઓમાં વર્ગીકૃત કરે છે: સ્થાનિક મુસાફરો માટે 'D' અને આંતરરાષ્ટ્રીય મુસાફરો માટે 'I'. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ કિસ્સામાં અનુસરવામાં આવેલી પ્રક્રિયા SOP સાથે અસંગત હતી.

દિલ્હી પહોંચ્યા પછી, ત્રણ મુસાફરોને આંતરરાષ્ટ્રીય મુસાફરો તરીકે ઓળખીને સ્થાનિક મુસાફરોની ભીડથી અલગ કરીને ઈમિગ્રેશનમાં મોકલવા જોઈતા હતા. તેના બદલે, તેમને ગેટ 39 પર આંતરરાષ્ટ્રીય-થી-આંતરરાષ્ટ્રીય ટ્રાન્સફર એરિયામાં લઈ જવામાં આવ્યા હતા.ત્યાંથી, તેઓ પ્રસ્થાન વિસ્તારમાં ગયા અને ઈમિગ્રેશન ચેકપોઈન્ટમાંથી પસાર થયા વિના લુફથાન્સા ફ્લાઈટમાં ચઢી ગયા. મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે ત્રણેય મુસાફરો એર ઈન્ડિયાની "હબ-એન્ડ-સ્પોક" સિસ્ટમ હેઠળ મુસાફરી કરી રહ્યા હતા, જેમાં મુસાફરોને પહેલા નાના એરપોર્ટથી મોટા હબ એરપોર્ટ પર ટ્રાન્સફર કરવામાં આવે છે. ત્રણેય મુસાફરો અમૃતસરથી દિલ્હી પહોંચ્યા હતા. અમૃતસરમાં, તેમને સ્થાનિક એર ઈન્ડિયા ફ્લાઈટ માટે "ડી" (ડોમેસ્ટિક) બોર્ડિંગ પાસ જારી કરવામાં આવ્યા હતા. તેમને અમૃતસરમાં આગળની લુફથાન્સા ફ્લાઈટ માટે બોર્ડિંગ પાસ પણ આપવામાં આવ્યા હતા, જે નિયમોનું ઉલ્લંઘન હતું. ત્યારબાદ ત્રણેય દિલ્હીથી લુફથાન્સાની ફ્લાઈટમાં મ્યુનિક જવા રવાના થયા.મંત્રાલયના જણાવ્યા અનુસાર, સ્થાપિત નિયમો મુજબ, મુસાફરોને ફક્ત 'D' (ડોમેસ્ટિક) અને 'I' (આંતરરાષ્ટ્રીય) કેટેગરીના બોર્ડિંગ પાસ જ આપવાના હતા. દિલ્હી પહોંચ્યા પછી, ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ મુસાફરોને અલગ કરી દેવા જોઈતા હતા, પરંતુ આવું કરવામાં આવ્યું ન હતું.

ફક્ત 'I' કેટેગરીના બોર્ડિંગ પાસ ધરાવતા મુસાફરોએ 'ઈન્ટરનેશનલ-ટુ-ઈન્ટરનેશનલ ટ્રાન્સફર ડેસ્ક' સુધી પહોંચવું જોઈતું હતું, છતાં 'D' કેટેગરીના બોર્ડિંગ પાસ ધરાવતા મુસાફરો ત્યાં પહોંચ્યા. હબ-એન્ડ-સ્પોક એરપોર્ટ પર 24 કલાક માટે નોડલ ઓફિસર તૈનાત રાખવા જોઈતા હતા.જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા વિના કોઈ પણ મુસાફર આંતરરાષ્ટ્રીય પ્રસ્થાન વિસ્તારમાં ન પહોંચે તે માટે, 24 કલાક દેખરેખ ટીમની જરૂર હતી, પરંતુ આ કિસ્સામાં દેખરેખ સિસ્ટમ પણ નિષ્ફળ ગઈ.મંત્રાલયે પૂછ્યું છે કે અમૃતસરના મુસાફરોને લુફથાન્સા બોર્ડિંગ પાસ કેમ આપવામાં આવ્યા હતા. તેમાં પૂછવામાં આવ્યું છે કે ત્રણ 'ડી' કેટેગરીના મુસાફરો આંતરરાષ્ટ્રીય ટ્રાન્સફર ક્ષેત્રમાં કેવી રીતે પહોંચ્યા અને એર ઈન્ડિયા અને SATS ના કયા કર્મચારીઓએ તેમને સંભાળ્યા. તેણે ઘટના સમયે નોડલ ઓફિસર અને મોનિટરિંગ ટીમના સ્થાન વિશે પણ માહિતી માંગી હતી અને દિલ્હી એરપોર્ટ પર સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય મુસાફરોનું જરૂરી મેચિંગ સમયસર કેમ કરવામાં આવ્યું ન હતું.

### અમદાવાદથી ઉજ્જૈન હવે માત્ર ૬ કલાકમાં!

# સિંહસ્થ પહેલાં ગુજરાત-MP વચ્ચે તૈયાર થઈ જશે સુપરફાસ્ટ એક્સપ્રેસવે

**ગુજરાત અને દેશના અન્ય ભાગોમાંથી મહાકુંભમાં આવતા શ્રદ્ધાળુઓ માટે બાબા મહાકાલની નગરી સુધી પહોંચવું ખૂબ જ સરળ બનશે**

નવી દિલ્હી, તા.૧૫

મધ્ય પ્રદેશના ઉજ્જૈનથી ગુજરાતના અમદાવાદ સુધીનો પ્રવાસ હવે વધુ ઝડપી અને સુવિધાજનક બનવા જઈ રહ્યો છે. ઉજ્જૈનને સીધા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે સાથે જોડતા ઉજ્જૈન-ગરોઠ ફોર-લેન સેક્શનનું નિર્માણ કાર્ય પૂરઝડપે ચાલી રહ્યું છે. આ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટના પૂર્ણ થવાથી બંને રાજ્યો વચ્ચેની કનેક્ટિવિટી વધુ મજબૂત થશે.હાલમાં ઉજ્જૈનથી અમદાવાદ જવા માટે ઝાબુઆ-દાહોદના જૂના રૂટનો ઉપયોગ કરવો પડે છે, જેની કુલ લંબાઈ આશરે ૪૨૦ કિલોમીટર છે. રસ્તા પરના ટ્રાફિક અને સિંગલ રોડને કારણે આ સફર પૂરી કરવામાં ૯થી ૧૦ કલાકનો સમય લાગતો હતો. પરંતુ ઉજ્જૈન-ગરોઠ હાઈવે બનવાથી તે ગરોઠ પાસે સીધો દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે સાથે જોડાઈ જશે. આ નવા એક્સપ્રેસવે પર વાહનોની ગતિ ૧૦૦થી ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેવાથી હવે આ પ્રવાસ માત્ર ૫.૫થી ૬ કલાકમાં જ પૂરો થઈ જશે, જેનાથી મુસાફરોના ૩થી ૪ કલાકની બચત થશે.આ નવા કોરિડોરનો લાભ માત્ર ઉજ્જૈન કે અમદાવાદના મુસાફરોને જ નહીં, પરંતુ મધ્ય પ્રદેશના અન્ય મોટા શહેરોને પણ મળશે. જેમ કે, ઈન્દોર અને દેવાસ ઉજ્જૈન રિંગ રોડ સાથે જોડાયેલા હોવાથી આ બંને શહેરોમાંથી દિલ્હી કે અમદાવાદ જતો ટ્રાફિક પણ આ રૂટનો સરળતાથી ઉપયોગ કરી શકશે. જ્યારે રતલામ અને મંસૌર જેવા માળવા ક્ષેત્રના જિલ્લાઓના લોકો પણ ગુજરાતના અમદાવાદ અને વડોદરા જેવા પ્રમુખ શહેરો સાથે વધુ મજબૂત રીતે જોડાઈ જશે.આ કોરિડોરના માર્ગમાં આવતા મુખ્ય શહેરો અને વિસ્તારોમાં ઉજ્જૈન, મહિદપુર, ઘટીયા, બડોદ, આલોટ, સુવાસરા, શામગઢ અને ગરોઠનો સમાવેશ થાય છે.આગામી ઉજ્જૈન સિંહસ્થ-૨૦૨૮ના ભવ્ય આયોજનને ધ્યાનમાં રાખીને આ પ્રોજેક્ટને અગ્રતા આપવામાં આવી રહી છે. ગુજરાત અને દેશના અન્ય ભાગોમાંથી મહાકુંભમાં આવતા શ્રદ્ધાળુઓ માટે બાબા મહાકાલની નગરી સુધી પહોંચવું ખૂબ જ સરળ બનશે. ગરોઠ પાસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે સાથે સીધા જોડાણને કારણે બંને તરફથી આવતા લોકોને અવરજવરમાં સુવિધા રહેશે, જેને મધ્ય પ્રદેશ અને ગુજરાત માટે એક ગેમ-ચેંજર પ્રોજેક્ટ માનવામાં આવે છે.નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને કન્સ્ટ્રક્શન એજન્સી દ્વારા આ પ્રોજેક્ટ પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. અંદાજે ૨૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બની રહેલા આ ૧૩૬.૧ કિલોમીટર લાંબા કોરિડોરનું ૯૦ ટકા જેટલું કામ પૂરું થઈ ચૂક્યું છે અને તે પોતાના અંતિમ તબક્કામાં છે. તેના પૂરા થવાથી એમપી-ગુજરાત વચ્ચેની પરિવહન વ્યવસ્થા વધુ ઝડપી અને મજબૂત બનશે.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગણેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું






શિક્ષણ અને સંસ્કાર માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગણેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું. ગણેશ ચતુર્થી નિમિત્તે વિઘ્નહર્તા ગણેશજીનું રંગે ચંગે ધામધુમ પૂર્વક સામૈયું કરીને સ્થાપન કરવામાં આવ્યું. ગણેશજીને ફ્રુટનો થાળ ધરાવી પુજા, અર્ચના અને આરતી કરી સૌ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ દર્શનનો લાભ લીધો સંસ્થાનાં સંચાલક દંપતિ દિપકભાઈ વઘાસીયા અને વિલાસબેન વઘાસીયાએ ગણેશજીની આરતી અને પૂજન સાથે સંસ્થાનાં બધા વિદ્યાર્થીઓએ સ્વાગત કરેલ હતું. દર વર્ષની પરંપરા મુજબ સંસ્થામાં ઈકોફ્રેન્ડલી મૂર્તિનું સ્થાપન કરવામાં આવેલ છે. સંસ્થાનાં વિદ્યાર્થીઓ દ્વારા ગણેશ વંદનાં તેમજ ગણેશજીનાં મહાતમ્ય અંગે વક્તવ્યો આપવામાં આવ્યા. ગણેશજીને ફ્રુટની પ્રસાદી ધરાવીને વિદ્યાર્થીઓને પ્રસાદીમાં ફ્રુટ આપવામાં આવેલ. આપ સૌને ગણેશ ચતુર્થીની હાર્દિક શુભેચ્છાઓ.

## અમરેલી : ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ



અમરેલી, તા. ૧૫

અમરેલી પંચાયત ઓફિસની ૧૦૮ એમ્બ્યુલન્સને અમરેલી–લીલીયા રોડ પર અકસ્માતનો કોલ મળતા એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

સ્થળ પર પહોંચ્યા બાદ ૧૦૮ના ઈએમટી સાગરભાઈએ ઈજાગ્રસ્ત રવિભાઈની તપાસ કરતાં તેમને ગંભીર ઈજાઓ થઈ હોવાનું જણાયું હતું. રવિભાઈ ઘટનાસ્થળે એકલાહોવાથી જરૂરી સ્ટ્રેચરનો ઉપયોગ કરી ૧૦૮ના ઈએમટી સાગરભાઈ તથા પાયલોટ આરીફભાઈ દ્વારા તેમને એમ્બ્યુલન્સમાં લઈ સારવાર માટે સિવિલ હોસ્પિટલ, અમરેલી ખાતે ખસેડવામાં આવ્યા હતા.

સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચ્યા બાદ રવિભાઈ પાસેથી અંદાજે રૂ. ૨૦,૦૦૦ની કિંમતનો એક એન્ડ્રોઇડ મોબાઈલ ફોન મળી આવ્યો હતો. ૧૦૮ના ઈએમટી સાગરભાઈ અને પાયલોટ આરીફભાઈએ આ મોબાઈલ ફોન ઈજાગ્રસ્ત રવિભાઈના ભાઈને પરત સોંપી પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડયું હતું.

૧૦૮ કર્મચારીઓની આ ઈમાનદારી બદલ રવિભાઈના ભાઈએ ઈએમટી સાગરભાઈ અને પાયલોટ આરીફભાઈનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૪૦ |
| ૨ | શિંગદાણા ફાડા | ૧૫૫૦ | ૨૦૧૦ |
| ૩ | તલ સફેદ | ૧૩૫૦ | ૨૪૯૦ |
| ૪ | તલ કાળા | ૧૯૨૦ | ૩૫૨૫ |
| ૫ | બાજરો | ૩૪૫ | ૪૪૫ |
| ૬ | જુવાર | ૫૫૫ | ૧૧૬૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૫ | ૫૯૦ |
| ૮ | ઘઉં લોકવન | ૫૨૦ | ૫૯૦ |
| ૯ | ચણા | ૧૦૪૫ | ૧૩૧૦ |
| ૧૦ | તુવેર | ૧૨૦૦ | ૧૫૨૫ |
| ૧૧ | વાલ | ૮૫૦ | ૮૫૦ |
| ૧૨ | કપાસ | ૧૭૦૦ | ૨૦૬૦ |
| ૧૩ | જીરૂ | ૩૮૨૦ | ૩૮૨૦ |
| ૧૪ | રાય | ૧૫૩૫ | ૧૬૨૫ |
| ૧૫ | ધાણી | ૨૭૦૦ | ૨૯૫૫ |
| ૧૬ | મેથી | ૧૩૦૫ | ૧૩૧૫ |
| ૧૭ | કાંગ | ૭૪૫ | ૭૪૫ |

## પાના ૧ ઉપરનું ચાલું બગસરાનાં હડાળા ગામનાં ખેડૂત સાથે

અમરેલીમાં રહેતી મહિલા નીલમ કાકડીયા તથા સુરત રહેતા પ્રતિક પાઘડાળ તથા અવિનાશ પટેલ નામના ત્રણ આરોપીઓએ એકબીજા સાથે મળી એકસંપ કરી અને પુર્વ આયોજીત કાવતરૂ રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ આરોપી મહિલા નીલમ કાકડીયાએ બગસરા તાલુકાના હડાળા ગામે રહેતા અને ખેતી કરતા દિપકભાઈ મનસુખભાઈ બોરડ નામના ખેડૂતનો વોટ્સએપ એપ્લીકેશન મારફતે સંપર્ક કેળવી ગત તા. ૧/૬/૨૫ થી તા. ૧/૭/૨૬ દરમિયાન આ ખેડૂત સાથે પ્રેમ ભરી અને મીઠી મીઠી વાતો કરી આરોપીઓએ ખેડૂતને વિડીયો કોલમાં નગ્ન થવાનું કહી ખેડૂતના પ્રાઈવેટ પાર્ટના ફોટો તેમની જાણ બહાર પાડી લઈ અને તેના પ્રાઈવેટ પાર્ટના ફોટો વાયરલ કરવાની ધમકી આપી ખેડૂત પાસેથી ઓનલાઈન તથા આંગડીયા મારફતે બળજબરીપુર્વક રૂપિયા ૮,૯૪,૧૧૦ અલગ–અલગ બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરાવડાવી તેમજ લઈ તેમજ આરોપી પ્રતિકભાઈ પાઘડાળે ખેડૂતના ફોટા વાઈરલ ન કરવાના બહાને સેટલમેન્ટ કરવાનું કહી ખેડૂત પાસેથી ઓનલાઈન તથા આંગડીયા મારફતે ફોટો વાયરલ ન કરે તે સારૂ સેટલમેન્ટ પેટે ટ્રાન્સફર રૂપિયા ૭,૩૬,૦૦૦ અલગ–અલગ બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરાવડાવી કુલ રૂપિયા ૧૬,૩૦,૧૧૦ ખેડૂત પાસેથી મેળવી લીધેલ તેમજ આરોપી અવિનાશ પટેલે ખેડૂતને વોટ્સએપ ટેકસ્ટ મેસેજમાં ગાળો આપી હાથપગ ભાંગી નાખવાની ધમકી આપી બળ જબરીપુર્વક રૂપિયાની માંગણી કરી ખેડૂતના પ્રાઈવેટ પાર્ટના ફોટો વાયરલ કરી ગુન્હો કરતા ખેડૂતે આ ત્રણેય આરોપીઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## પાના ૮ ઉપરનું ચાલું સરકારે ફ્રી પેમેન્ટ માટે

આવ્યું છે. આ કાયદા દ્વારા પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, ૨૦૦૭ની કલમ 10A માં સુધારો કરવામાં આવ્યો હતો.અગાઉ ઈક્મ ટેકસ એકટ, ૧૯૬૧ની કલમ 269SU હેઠળ આવતા વેપારીઓ માટે ઈલેક્ટ્રોનિક પેમેન્ટ પર બેંક ચાર્જમાંથી સંપૂર્ણ મુક્તિ હતી. કલમ 269SU એવા દરેક વેપારી પર લાગુ પડતી હતી જેમનું વાર્ષિક ટર્નઓવર ૫૦ કરોડથી વધુ હતું. કલમ ૧૦A મુજબ આ મોડ્સમાં RuPay ડેબિટ કાર્ડ, BHIM-UPI અને UPI-QR કોડ પર કોઈ ચાર્જ લગાવી શકાતો નહોતો. આ સુધારા બાદ એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા મોટા વેપારીઓ પાસેથી UPI અને RuPay પેમેન્ટ પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ વસૂલવાનો માર્ગ મોકળો બન્યો હતો.આ સુધારા અંગે નાણાં મંત્રાલયે અગાઉ ૮ ઓગસ્ટના રોજ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું, પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટમાં તાજેતરના સુધારાએ ચર્ચા જગાવી છે, જેમાં કેટલાક લોકો તેને સામાન્ય વપરાશકર્તાઓ પર ચાર્જ લાદવાના પગલા તરીકે ખોટી રીતે અર્થઘટન કરી રહ્યા છે. વાસ્તવમાં, આ સુધારો એક સમર્થ બનાવતી જોગવાઈ છે દીર્ઘકાલીન ટકાઉક્ષમતા, ટેકનોલોજીકલ પ્રગતિ અને ઉભરતા જોખમો સામે તેની સજ્જતા સુનિશ્ચિત કરવા માટે તૈયાર કરવામાં આવી છે.બેંકો અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ લાંબા સમયથી એવી રજૂઆત કરી રહ્યા છે કે ડિજિટલ પેમેન્ટનું માળખું જાળવવાનો ખર્ચ સતત વધી રહ્યો છે. માર્ચ મહિનામાં ફાઈનાન્સ અંગેની સ્ટેન્ડિંગ કમિટીએ પણ તેના અહેવાલમાં નોંધ્યું હતું કે "MDRની ગેરહાજરી UPI ઈકોસિસ્ટમને આર્થિક રીતે બિનટકાઉ બનાવે છે."

MDR સામાન્ય રીતે ૧% થી ૩% વચ્ચે હોય છે, જે ડેબિટ અને ક્રેડિટ કાર્ડ પેમેન્ટ પ્રોસેસ કરતી બેંકો દ્વારા ટ્રાન્ઝેક્શન પ્રોસેસિંગ, સેટલમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચને પહોંચી વળવા માટે વેપારીઓ પર વસૂલવામાં આવે છે. જાન્યુઆરી ૨૦૨૦થી સમગ્ર દેશમાં ડિજિટલ પેમેન્ટના વ્યાપને પ્રોત્સાહન આપવા માટે RuPay ડેબિટ કાર્ડ અને UPI પરનો MDR સંપૂર્ણ નાબૂદ કરવામાં આવ્યો હતો. જોકે, નાણાં મંત્રાલયે આ વર્ષની શરૂઆતમાં સ્ટેન્ડિંગ કમિટીને માહિતી આપી હતી કે પેમેન્ટ ઉદ્યોગને પર્સન-ટુ-મર્ચન્ટ ટ્રાન્ઝેક્શન્સ માટે વાર્ષિક ૨૦,૭૦૦ કરોડનો ભારે ખર્ચ થઈ રહ્યો છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં

વાડીએ રહેતી રાયકુબેન પુનાભાઈ માવી નામની ૧૯ વર્ષિય પરિણીતા તા. ૧૦નાં રોજ બપોરનાં ૩ વાગ્યાની આસપાસ જીરા ગામે હરેશભાઈ પરોશતમભાઈ દુધાતની વાડીએ પોતે ભાગવી રાખેલ વાડીએ કપાસમાં દવા છાંટતા હોય તે દવા ચડતા તેમજ ઝેરી દવાવાળુ ચીભડુ ખાઈ જતાં તેણીને ઝેરી અસર થતાં સારવાર માટે દવાખાને ખસેડાયે જયાં તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં લીલીયા ગામે સીવીલપરા વિસ્તારમાં રહેતી હુસૈનાબેન ઈમ્તીયાજભાઈ શેખ નામની ૨૭ વર્ષિય પરિણીતાને તેણીના પતિએ મોબાઈલ જોવાની ના પાડતા તેણીને કયાંય ગમતું ન હોય. જેથી મનમાં લાગી આવતા ગતતા. ૧૨નાં સાંજના આશરે સાતેક વાગ્યે લીલીયામાં સીવીલપરા પીપળવા રોડ ઉપર ઘઉંમાં નાખવાનો પાઉડર પી જતા તેણીને ઝેરી અસર થતાં સારવાર માટે દવાખાને ખસેડાયેલ જયાં તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં રાજસ્થાનના વતની અને ધારી તાલુકાનાં ગોવિંદપુર ગામે ભીખુભાઈ નારણભાઈ કાતરીયાના ડેલે રહેતા અંબાલાલ રૂપસિંહ ડામોર નામના ૪૦ વર્ષિય યુવકને ગત તા. ૧૪નાં રોજ સાંજના આશરે ૬ થી ૬:૩૦ વાગ્યા દરમિયાન ગોવિંદપુર ગામે ભીખુભાઈ નારણભાઈ કાતરીયાની વાડીએ ઓરડી પાસે કોઈપણ કારણસર ઈલેકટ્રીક શોક લાગવાથી તેમને સારવાર માટે દવાખાને ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

જયારે ચોથા અને અંતિમ બનાવમાં મધ્યપ્રદેશના વતની અને હાલ લાઠી તાલુકાનાં ઈંગોરાળા ખાતે પ્રવિણભાઈ આસોદરીયાની વાડીએ રહેતા રિકેશભાઈ દિનેશભાઈ શીંગાડા નામના ૧૫ વર્ષિય તરૂણ ગત તા. ૧૩નાં સવારના આશરે સાડા આઠેક વાગ્યાના સમયે ઈંગોરાળા ગામે પ્રવિણભાઈ આસોદરીયાની પાટી સીમ તરીકે ઓળ ખાતી વાડીએ કોઈ અગમ્ય કારણોસર બેભાન હાલતમાં મળી આવતા તેમને સારવાર માટે દવાખાને ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૯૬૦ | ૨૦૭૬ |
| ૨ | ઘઉં લોકવન | ૫૨૭ | ૫૫૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૫૬૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૩૦ | ૨૦૩૦ |
| ૫ | ચણા | ૧૨૦૫ | ૧૨૦૫ |
| ૬ | લસણ | ૧૦૦૦ | ૧૬૯૦ |
| ૭ | સોયાબીન | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૮ | બાજરો | ૩૨૪ | ૩૨૪ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૫૦ | ૧૫૩૦ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૭૫ |
| ૩ | તલ કાળા | ૨૬૦૦ | ૩૩૭૮ |
| ૪ | જીરૂ | ૩૫૦૦ | ૩૮૯૩ |
| ૫ | કપાસ | ૧૯૮૦ | ૨૦૬૦ |
| ૬ | ઘઉં લોકવન | – | ૫૨૦ |
| ૭ | જુવાર | – | ૫૯૨ |
| ૮ | ચણા | – | ૧૨૨૫ |
| ૯ | તુવેર | ૧૧૦૦ | – |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં ''૧૧૨''ની સેવા

કરીને જાણ કરી શકે છે. મહત્વની વાત એ છે કે માત્ર માહિતી આપનાર વ્યકિતને પોલીસ દ્વારા ફરિયાદી તરીકે ગણવામાં આવતી નથી. સામાન્ય રીતે માત્ર કોલ કરનાર હોવાના કારણે તેનું નિવેદન લેવામાં આવતું નથી કે તેને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવતો નથી.

અમરેલી જિલ્લામાં ૧૧૨ ઈમરજન્સી સેવામાં દરરોજ ૪૦થી વધુ કોલ આવતાં હોવાનું પોલીસ તંત્ર દ્વારા જણાવાયું છે. ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન જિલ્લામાં કુલ ૧,૨૨૯ કોલ પ્રાપ્ત થયા હતા. જયારે જાન્યુઆરીથી ઓગસ્ટ ૨૦૨૬ સુધીના આઠ મહિનામાં કુલ ૯,૮૯૯ કોલ ૧૧૨ ઈમરજન્સી સેવાને મળ્યા હતા. આ કોલમાં સૌથી વધુ સામાન્ય ઝઘડા અને મારામારીના બનાવો તેમજ પ્રોહિબિશન સંબંધિત કેસો જોવા મળ્યા છે.

જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે જણાવ્યું હતું કે ૧૧૨ ઈમરજન્સી સેવાનો લાભ કોઈપણ નાગરિક લઈ શકે છે. અમરેલી જિલ્લામાં ૧૧૨ની ૩૨ જેટલી વાન ૨૪ કલાક કાર્યરત રહે છે અને અલગ–અલગ સ્થળોએ પોઈન્ટ ફાળવવામાં આવ્યા છે. કોઈપણ પ્રકારની ઈમરજન્સી સ્થિતિમાં નાગરિકોને ઝડપથી મદદ મળી રહે તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી છે.

૧૧૨ પર કોલ કર્યા બાદ કોલ સેન્ટર તરફથી મળેલી માહિતીના આધારે નજીકની પીસીઆર ઈમરજન્સી વાનને જાણ કરવામાં આવે છે. કોલ કરનાર વ્યકિતનું જીપીએસ લોકેશન પણ સિસ્ટમ દ્વારા મેળવવામાં આવે છે. સામાન્ય રીતે કોલ કર્યા બાદ આશરે એક મિનિટમાં ૧૧૨ પીસીઆર વાન તરફથી કોલ કરનાર વ્યકિતનો સંપર્ક કરવામાં આવે છે. આ દરમિયાન વ્યકિત કઈ જગ્યાએ છે તેની પુષ્ટિ કરવામાં આવે છે અને જરૂર પડે તો ચોક્કસ સ્થળની માહિતી પણ લેવામાં આવે છે.

ત્યારબાદ શકય તેટલા ઓછા સમયમાં, સામાન્ય રીતે ૧૦થી ૧૧ મિનિટમાં ૧૧૨ પીસીઆર વાન ઘટનાસ્થળે પહોંચે છે. ઘટનાની ગંભીરતા અને પરિસ્થિતિ પ્રમાણે પોલીસ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવે છે.

જો જાહેર સ્થળે મારામારી કે અન્ય બનાવ બન્યો હોય તો બંને પક્ષના લોકોને નજીકના પોલીસ સ્ટેશન સુધી લઈ જઈ પોલીસને સોંપવામાં આવી શકે છે. પરંતુ માત્ર ઘટના અંગે ૧૧૨ને જાણ કરનાર વ્યકિતને પોલીસ સ્ટેશન લઈ જવાની ફરજિયાત પ્રક્રિયા નથી.

આ રીતે ૧૧૨ સેવા માત્ર પોલીસને બોલાવવાનો નંબર નહીં, પરંતુ મુશ્કેલીના સમયે નાગરિકોને ઝડપી મદદ પહોંચાડતી ઈમરજન્સી વ્યવસ્થા છે. કોઈ અનિચ્છનીય બનાવ બને ત્યારે પોતે જોખમ લીધા વિના ૧૧૨ પર જાણ કરવી નાગરિકની જવાબદારીમાં પણ મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૭૪૦ | ૨૦૭૦ |
| ૨ | કપાસ કોડી | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ૩ | જીરૂ | ૩૧૧૦ | ૩૮૭૦ |
| ૪ | ચણા | ૧૧૭૦ | ૧૨૧૦ |
| ૫ | ઘઉં | ૫૨૧ | ૫૫૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૫૦ | ૨૦૨૫ |
| ૨ | મગફળી | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ૩ | ઘઉં લોકવન | ૫૨૦ | ૫૪૬ |
| ૪ | ચણા | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૫ | મગ | ૧૧૩૯ | ૧૧૩૯ |
| ૬ | ધાણા | ૨૬૫૦ | ૨૬૫૦ |
| ૭ | શીંગ દાણા | ૧૯૦૦ | ૧૯૦૦ |

# અમરેલી જિલ્લામાં આંગણવાડી કેન્દ્રો ખાતે પોષણલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ






મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ અનુસાર રાષ્ટ્રીય પોષણ માસ–૨૦૨૬ અંતર્ગત અમરેલી જિલ્લામાં તેમજ જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે વિવિધ પોષણલક્ષી અને જનજાગૃતિપ્રદ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિઓમાં બાળકો, વાલીઓ તથા આંગણવાડી કાર્યકરોએ ઉત્સાહપૂર્વક સહભાગી થઈને પોષણ, સ્વચ્છતા, સંતુલિત આહાર અને નિયમિત શારીરિક પ્રવૃત્તિ અંગે જનજાગૃતિ કેળવવામાં યોગદાન આપ્યું હતું. પોષણ માસ અંતર્ગત ૦૯ સપ્ટેમ્બરે યોજાયેલી પ્રવૃત્તિઓ દરમિયાન વિવિધ ખાદ્ય જૂથો તથા પોષણયુક્ત ખાદ્ય સામગ્રીનું પ્રદર્શન અને ઓળખ પ્રવૃત્તિ યોજાઈ હતી. સાથે જ સ્થાનિક સ્તરે સરળતાથી ઉપલબ્ધ અનાજ, કઠોળ, શાકભાજી, ફળો વગેરેનો દૈનિક આહારમાં યોગ્ય ઉપયોગ કરવા અંગે બાળકો અને વાલીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આંગણવાડી કેન્દ્રો ખાતે બાળકો અને વાલીઓને સંતુલિત અને વિવિધતાસભર આહારનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. પોષણ સાથે સ્વચ્છતાના મહત્વ અંગે જાગૃતિ કેળવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ તેમજ સામૂહિક શપથનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોના સર્વાંગી વિકાસમાં શારીરિક સક્રિયતાના મહત્વને ધ્યાનમાં રાખી આંગણવાડી કાર્યકરો અને બાળકોએ સરળ શારીરિક કસરત તથા યોગાભ્યાસમાં પણ સહભાગી થઈને નિયમિત શારીરિક પ્રવૃત્તિ અપનાવવાનો સંદેશ આપ્યો હતો. આ ઉપરાંત, ડિજિટલ માધ્યમના ઉપયોગથી પોષણ સંબંધિતમાહિતી અને વિવિધ પ્રવૃત્તિઓનું પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય પોષણ માસની પ્રવૃત્તિઓનો મુખ્ય ઉદ્દેશ બાળકો અને વાલીઓમાં સંતુલિત તથા પોષણયુક્ત આહાર અંગે જાગૃતિ વધારવા, સ્થાનિક અને સરળતાથી ઉપલબ્ધ પોષણયુક્ત ખાદ્ય સામગ્રીના ઉપયોગને પ્રોત્સાહન આપવા તેમજ પોષણની સાથે સ્વચ્છતા અને નિયમિત શારીરિક પ્રવૃત્તિના મહત્વ અંગે સમજણ વિકસાવવાનો રહ્યો હતો. અમરેલી જિલ્લાના આંગણવાડી કાર્યકરો, બાળકો અને વાલીઓની સહભાગિતાથી સુપોષિત બાળક–સુપોષિત પરિવારનો સંદેશ જનજન સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

### RBI છેલ્લા એક મહિનાથી સતત આવા VRRR ઓક્શન કરી રહ્યું છે

# રિઝર્વ બેંકે VRRR થકી રૂ. ૩.૯૩ લાખ કરોડની લિક્વિડિટી પાછી ખેંચી

## આ તમામ બોલીને ૫. ૨૪ ટકાના ’કટ-ઓફ’ રેટ અને વેટિડ એવરેજ રેટ પર સ્વીકારાઈ હતી

નવી દિલ્હી, તા.૧૫

ભારતીય રિઝર્વ બેંકે વેરિયેબલ રેટ રિવર્સ રેપો નિલામી દ્વારા ૧૫ સપ્ટેમ્બરે બેંકિંગ સિસ્ટમમાંથી રૂ. ૩,૯૩,૩૫૨ કરોડની લિક્વિડિટી (રોકડ/સરપ્લસ ફંડ) એકત્ર કરી હતી. આરબીઆઈના જણાવ્યાનુસાર, આરબીઆઈએ રૂ. ૫ લાખ કરોડની નોટિફાઇડ રકમ માટે આ નિલામી કરી હતી, જેની સામે રૂ. ૩,૯૩,૩૫૨ કરોડની બોલી મળી હતી. આ તમામ બોલીને ૫.૨૪ ટકાના ’કટ-ઓફ’ રેટ અને વેટિડ એવરેજ રેટ પર સ્વીકારાઈ હતી.

બેંકિંગ સિસ્ટમમાં રહેલી વધારાની રોકડ (સરપ્લસ લિક્વિડિટી) પાછી ખેંચવા અને ઓવરનાઈટ મની માર્કેટના રેટ્સને રેપો રેટની સમકક્ષ લાવવા માટે RBI છેલ્લા એક મહિનાથી સતત આવા VRRR ઓક્શન કરી રહ્યું છે. એક અનુમાન મુજબ, ૧૧ સપ્ટેમ્બર સુધી બેંકિંગ સિસ્ટમમાં આશરે રૂ. ૧૦.૭૩ લાખ કરોડની સરપ્લસ લિક્વિડિટી હતી.

VRRR નિલામી ઉપરાંત, આરબીઆઈએ સરકારી જામીનગીરીઓ (ગવર્મેન્ટ સિક્યોરિટીઝ)ના વેચાણ માટે ગયા અઠવાડિયે રૂ. ૧ લાખ કરોડના ઓપન માર્કેટ ઓપરેશનની પણ જાહેરાત કરી છે. આ ઓપરેશન ત્રણ તબક્કામાં યોજાશે, જેમાંથી પહેલું ઓક્શન ૧૭ સપ્ટેમ્બરે થશે.

સાદી ભાષામાં સમજીએ તો જેવી રીતે આપણે આપણી વધારાની બચત બેંકમાં મૂકીએ છીએ અને બેંક આપણને વ્યાજ આપે છે. એવી જ રીતે, એસબીઆઈ, એચડીએફસી સહિતની બેંકો પાસે ઘણું બધું વધારાનું ફંડ કે રોકડ જમા થઈ જાય, ત્યારે તેઓ તે પૈસા સુરક્ષિત રીતે આરબીઆઈ પાસે જમા કરાવે છે અને તેના પર વ્યાજ કમાય છે.

VRRR એક એવું સાધન છે જેના દ્વારા આરબીઆઈ વિવિધ બેંકો પાસેથી ટૂંકા ગાળા (જેમ કે ૧ થી ૧૪ દિવસ) માટે વ્યાજ દરે વધારાના પૈસા ઉધાર લે છે. અહીં વ્યાજનો દર ફિક્સ હોવાને બદલે બોલી (Bidding) દ્વારા નક્કી થાય છે.

જો માર્કેટમાં બેંકો પાસે વધુ પડતા પૈસા પડ્યા રહેશે, તો લોન વધુ સસ્તી થશે અને માર્કેટમાં મની સપ્લાય વધી જશે, જેનાથી મોંઘવારી વધી શકે છે. આ રીતે, આરબીઆઈ ફુગાવો નિયંત્રણમાં રાખે છે. આ ઉપરાંત બજારમાં પૈસાના સપ્લાય અને ડિમાન્ડ વચ્ચે સંતુલન જાળવવા માટે આરબીઆઈ ઓવરફ્લો થતી રોકડને પાછી ખેંચી લે છે.

### પી.આઈ. સાળુંકેના અધ્યક્ષ સ્થાને

# લીલીયા મોટા : નાના લીલીયા ગામે પોલીસનો લોક દરબાર યોજાયો

## ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધી કાયદો-વ્યવસ્થા અંગે જાગૃતિ ફેલાવાઈ



લીલીયા, તા. ૧૫

લીલીયા પોલીસ સ્ટેશન હેઠળના નાના લીલીયા ગામે લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઇ. એમ. ડી. સાળુંકેના અધ્યક્ષસ્થાને રામજી મંદિર ખાતે લોકદરબાર કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં સરપંચ જીતુભાઈ લોઢણીયા, તાલુકા પંચાયત સદસ્ય રણજીતભાઈ ખુમાણ તથા ગ્રામજનો તથા પોલીસ અધિકારીઓની ઉપસ્થિતિમાં ગામની કાયદો–વ્યવસ્થાને લગતા વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરી ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધવામાં આવ્યો હતો. લોકદરબારમાં ટ્રાફિક નિયમોનું પાલન, જુગાર–દારૂ જેવી અસામાજિક પ્રવૃત્તિઓ, વ્યાજખોરી તેમજ વધતા જતા સાયબર ક્રાઈમ અંગે ગ્રામજનોને સાવચેત કરવામાં આવ્યા હતા. ઉપરાંત ASK એપ્લિકેશન તેમજ ૧૮૧ અને ૧૧૨ હેલ્પલાઇન અંગે જરૂરી માહિતી આપી તેનો યોગ્ય સમયે ઉપયોગ કરવા સમજ આપવામાં આવી હતી.ગામમાં કોઈ અસામાજિક તત્વો સક્રિય હોય અથવા કાયદો–વ્યવસ્થા સંબંધિત કોઈ પ્રશ્ન કે ફરિયાદ હોય તો પોલીસને ખાનગી રીતે અથવા ટેલિફોનિક રીતે જાણ કરવા ગ્રામજનોને અપીલ કરવામાં આવી હતી. પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસ વધુ મજબૂત બને તેમજ નાગરિકોની સમસ્યાઓનું ત્વરિત નિરાકરણ થાય તે દિશામાં લોકદરબાર મહત્વપૂર્ણ સાબિત થયો હતો.આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### કેન્દ્ર સરકારની લાલ આંખ બાદ મેટા ઝૂક્યુ

# ચાઈલ્ડ અબ્યુઝ કન્ટેન્ટની હવે સીધી પોલીસ ફરિયાદ થશે

## સોશિયલ મીડિયા કંપની માટે બાળકોની ડિજિટલ સુરક્ષા એ મૂળભૂત સિદ્ધાંત છે અને તે કોઈપણ બાંધછોડ વગરનો વિષય છે

નવી દિલ્હી, તા.૧૫

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર બાળકોની ઓનલાઈન સુરક્ષા સુનિશ્ચિત કરવા અને હાનિકારક કન્ટેન્ટ પર લગામ કસવા કેન્દ્ર સરકારના કડક વલણ બાદ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની પેરન્ટ કંપની મેટા એ મોટો નિર્ણય લીધો છે. મેટાએ સ્પષ્ટ ખાતરી આપી છે કે તે બાળ યૌન શોષણ અને બાળકોની સુરક્ષા સાથે જોડાયેલા તમામ સંવેદનશીલ કેસો સીધા ભારતીય કાયદા અમલીકરણ એજન્સીઓને રિપોર્ટ કરશે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય ના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, મેટાએ આ સંદર્ભે મંત્રાલયને સત્તાવાર પત્ર પાઠવીને જાણ કરી છે.

કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું છે કે ભારતમાં કામ કરતી કોઈપણ સોશિયલ મીડિયા કંપની માટે બાળકોની ડિજિટલ સુરક્ષા એ મૂળભૂત સિદ્ધાંત છે અને તે કોઈપણ બાંધછોડ વગરનો વિષય છે: સરકાર અન્ય તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ સાથે પણ સતત સંપર્કમાં છે, જેથી બાળકો સાથે જોડાયેલ હાનિકારક કન્ટેન્ટ સમયસર ઓળખીને તાત્કાલિક હટાવી શકાય. સરકારે ચેતવણી આપી છે કે બાળકોની ઓનલાઈન સુરક્ષામાં બેદરકારી દાખવનાર કોઈપણ પ્લેટફોર્મ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.મેટા સામે તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર પેઈડ એડવર્ટાઈઝમેન્ટ્સ દ્વારા બાળ યૌન શોષણ સંબંધિત સામગ્રી અને એપ્સને પ્રમોટ કરવાના આક્ષેપો બાદ તપાસનો ગાળિયો કસાયો હતો. નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR)એ આ મામલે મેટા ઈન્ડિયાના વરિષ્ઠ અધિકારીઓને સમન્સ પાઠવી ખુલાસો માંગ્યો હતો. Tech Transparency Projecના તાજેતરના એક સંશોધન રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે મેટા પ્લેટફોર્મ પર ૩૦૦થી વધુ પેઈડ એડ્સ ચાલી રહી હતી, જેમાં AI દ્વારા વિકૃત કરાયેલી બાળકોની અશ્લીલ છબીઓ સામેલ હતી. આ રિપોર્ટ સામે આવ્યા બાદ મેટાએ મોટા પાયે જાહેરાતો હટાવી લીધી હતી.૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં કંપનીએ વૈશ્વિક સ્તરે બાળ શોષણ સાથે જોડાયેલા લગભગ ૪૦ લાખ એકાઉન્ટ્સ અને ૩.૬ કરોડ કન્ટેન્ટ પોસ્ટ્સ હટાવી દીધા હતા.આ ઘટનાક્રમ વચ્ચે, સોમવારે મેટાએ કેરળના મુખ્યમંત્રી વી. ડી. સતીશન KSEB અધિકારીઓ સાથે ડાન્સ કરતા દર્શાવતો એક વાયરલ AI ડીપફેક વીડિયો ભારતમાં પ્રતિબંધિત કરી દીધો હતો. ભારતમાં બ્લોક કરાયો તે પહેલાં આ વીડિયોને ૧.૭૮ કરોડથી વધુ વ્યુઝ મળ્યા હતા, જોકે ભારત બહાર તે હજુ પણ જોઈ શકાય છે. ક્રિએટર્સે જણાવ્યું કે મેટાએ સરકારી નોટિસને ટાંકીને આ પગલું ભર્યું છે. બીજી તરફ, મુખ્યમંત્રી સતીશને પોતે આ વીડિયોની રમૂજ માણી હતી પરંતુ છૈં કન્ટેન્ટના લીગલ પાસાઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ક્રિએટર્સનું માનવું છે કે આ હકાલપટ્ટી સીએમ ઓફિસ તરફથી માંગવામાં આવી નહોતી, જ્યારે અગાઉ મેટાએ આવા વીડિયો દૂર થવા પાછળ "ટેકનિકલ ખામી"નું કારણ આપ્યું હતું.

# ૧૬ સપ્ટેમ્બર, વર્લ્ડ ઓઝોન ડે

## ઓઝોન બચાવો, ઓઝોન આપણને બચાવશે




અમરલી, તા. ૧૫

વર્લ્ડ ઓઝોન ડે ઓઝોન સ્તરની જાળવણી અંગેની જાગૃતિ ફેલાવા માટે થાય છે. પૃથ્વીથી લગભગ ૩૦ કિમીની ઊંચાઈએ ઓઝોન ગેસનું એક પાતળું પડ હોય છે, જેને ઓઝોન લેયર (Ozone Layer) કહે છે. ઓઝોનનું આ પડ સૂર્યમાંથી આવતા પારજાંબલી કિરણોત્સર્ગને (Ultra Violts Rays) અવશોષિત કરે છે. જો આ રેડિએશન ધરતી પર સીધું જ પહોંચે તો તે મનુષ્ય સહિત સમગ્ર જીવસૃષ્ટિ માટે અત્યંત નુકસાનકાસક સાબિત થઈ શકે છે. મોટાભાગનાં વૈજ્ઞાનિકોનું માનવું છે કે પૃથ્વી અને સૂર્યની વચ્ચે જો ઓઝોનનું લેયર ન હોય તો આ પૃથ્વી પર જીવનનું અસ્તિત્વ જ સમાપ્ત થઈ જાય. ઓઝોન લેયર વગર ધરતી પરનું જીવન ખુબ જ પ્રભાવિત થાય. પૃથ્વી પર રહેતા લોકો, જીવસૃષ્ટિ અને પ્રાણીઓ તમામનો સર્વનાશ થઈ જાય. આટલું જ નહીં, ઋતુઓ પણ અનિશ્ચિત થઈ શકે જેમકે શિયાળા કરતા ઉનાળો લાંબો થઈ જાય, શિયાળો પણ ગમે ત્યારે આવી જાય, પૃથ્વી પર રહેલી હિમશીલાઓ ઓગળી જાય તો વારંવાર ત્સુનામીની સમસ્યાઓ પણ સર્જાય શકે છે.ઓઝોનનાં લેયરમાં પડેલા હોલ્સને ’ઓઝોન હોલ્સ’ (Ozone Holes) કહે છે. વર્ષ ૧૯૮૫માં સૌ પ્રથમ વખત ઓઝોન હોલ્સ અંગે વિશ્વને જાણ થઈ હતી ત્યારપછી સમગ્ર વિશ્વમાં ઓઝોનનાં લેયરમાં પડી રહેલા હોલ્સને બચાવવા માટે વિવિધ સ્તરે પ્રયાસો થઈ રહ્યાં છે. કેમિકલ ફેકટરીઓમાંથી નીકળતો ઝેરી ગેસ, વાહનોનું પ્રદૂષણ સહિત અનેક કારણોનાં લીધે ઓઝોનનું લેયર સતત પાતળું થતું જઈ રહ્યું છે. ઓઝોનનાં સ્તરમાં થઈ રહેલા આ નુકસાનને બચાવવા માટે અનેક દેશોમાં મોટી–મોટી ફેકટરીઓને બંધ કરી દેવાઈ છે સાથે જ સમગ્ર વિશ્વમાં સામુહિક રીતે ઓઝોનનું લેયર બચાવવા માટે પ્રયાસો થઈ રહ્યાં છે. ઓઝોનને પૃથ્વીનું કુદરતી સુરક્ષા કવચ પણ કહે છે. જુદા જુદા ઈલેકિટ્રક સાધનો જેવા કે રેફ્રીજરેટર, એસી અને સુગંધી સ્પ્રેમાં વપરાતો કલોરોફલોરો કાર્બન ઓઝોનને સૌથી વધુ નુકસાન કરે છે. કેટલીક રીસર્ચ અનુસાર વર્તમાન સમયમાં જ ઓઝોન સ્તરમાં ગાબડા પડવાની શરૂઆત થઈ ચુકી છે. તેની પાછળ માણસનું બેપરવાહ વર્તન જ જવાબદાર ગણી શકાય. બિનજરૂરી રીતે ટેકનોલોજીનો વધુ પડતો ઉપયોગ, જુદા જુદા કેમિકલ્સ અને ધુમાડાઓ દ્વારા થતું વાયુ પ્રદુષણ, વારંવાર થતું વૃક્ષ છેદન વગેરેનાં કારણે પરીસ્થિતિ વણસી રહી છે. જો હવે જાગૃતિ રાખવામાં નહી આવે તો પૃથ્વીનો અંત નજીક જ છે, કોરોનાકાળ રૂપે તો કુદરતે પોતાનું વિફરેલું સ્વરૂપ બતાવી જ દીધું છે, હવે આથી વધુ તો કયા દાખલાઓ આપણને જાગૃત કરી શકશે! ઓઝોન બચાવો, ઓઝોન આપણને બચાવશે.

**મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### સાદાઈથી ૫૦ મો જન્મ દિવસ ઉજવશે

# પ્રદેશ ભાજપનાં ડિબેટ પ્રવક્તા શૈલેષ પરમારનો આજે જન્મદિવસ

## ‘કેશલેસમેન’ તરીકે સૌ સારી રીતે જાણે છે



અમરેલી, તા.૧૫

પ્રદેશ ભાજપ મીડિયા ટીમના સદસ્ય અને ડિબેટ પ્રવક્તા શૈલેષ પરમાર નો આજે ૫૦ મો જન્મ દિવસ તેઓ સાદાઈ થી જરૂરિયાતમંદ બાળકો સાથે ઉજવશે. શૈલેષ પરમારે મિકેનિકલ એન્જિનિયર સાથે એલ.એલ.બી.અને માસ્ટર ઓફ જર્નાલીઝમ સુધીનો અભ્યાસ કરેલ છે તેઓનું વતન અમરેલી છે અને હાલ ગાંધીનગર ખાતે સ્થાઈ થયા છે તેઓનું રાજકીય જીવન સફરમાં અમરેલી જિલ્લા પંચાયત સિંચાઈ સમિતિમાં ચેરમેન અને પ્રદેશ ભાજપ અનુજાતી મોરચામાં પ્રદેશ મંત્રીની જવાબદારી સંભાળી હતી. તેમજ સહકારી ક્ષેત્રમાં શૈલહરી ક્રેડિટ કો–ઓપરેટિવ સોસાયટી લી.માં પણ ચેરમેન તરીકે સેવા આપે છે જિલ્લા ભાજપ અને પ્રદેશ ભાજપમાં પણ લાંબા સમયથી કાર્ય કરે છે. પંચાયત ક્ષેત્રે કામગીરીના કારણે ગ્રામીણ જીવનના પ્રશ્નો માટે સતત કામ કરતા રહ્યા છે. શૈલેષભાઈ ટીવી ડીબેટમાં સરકારની બાબતને આંકડાઓ સાથે ખૂબ અભ્યાસ પૂર્ણ વાત રજુ કરવામાં સફળ રહ્યા છે. પ્રદેશ ભાજપ મીડિયા પેનલિસ્ટ તરીકે ટીવી ડિબેટમાં ભાગ લેતા તેઓએ અત્યાર સુધીમાં ૩૦૦૦ થી વધારે ડિબેટ કરી ચુકયા છે.

જયારે વર્ષ ૨૦૧૭ માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ડિજિટલ ઈન્ડિયા અને ‘કેશલેસ એટલે કે રોકડ નાણાં’ નો ઉપીયોગ ના કરવાના અભિગમને સાર્થક કરવા શૈલેષ પરમારે પોતે વર્ષ ૨૦૧૭ માં પૂર્ણ ‘કેશલેસ રહેવાનું નક્કી કર્યું ત્યાર થી તેઓ ‘કેશલેસ મેન’ થી જાણીતા બન્યા હતા. ગ્રામ્ય વિસ્તારની પરિસ્થિતિથી પરિચિત રહ્યા છે. શૈલેષ પરમારને તેમના નંબર ૯૪૨૭૫ ૫૬૭૦૯ ઉપર મિત્ર વર્તુળ દ્વારા શુભેચ્છાઓ મળી રહી છે.

### કેન્દ્ર પર રાહુલ ગાંધીનો ગંભીર આરોપ

# અમેરિકાના દબાણમાં સરકારે UPI પર ફીસ વસૂલવાનો રસ્તો ખોલ્યો

## શરુઆતી ચર્ચા પર નજર કરીએ તો, મોટા વેપારી વ્યવહારો પર આશરે ૦.૪ ટકા જેટલો ચાર્જ લાગી શકે છે

નવી દિલ્હી, તા.૧૫

દેશમાં ડિજિટલ પેમેન્ટનું મુખ્ય સાધન બની ચૂકેલા યુપીઆઈને લઈને રાજકીય વિવાદ શરૂ થઈ ગયો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા દાવો કર્યો છે કે સરકારે યુપીઆઈ પર ચાર્જ વસૂલવાનો રસ્તો ખોલી દીધો છે, જેનો આડકતરી રીતે બોજ સામાન્ય જનતા પર પડશે.

સોશિયલ મીડિયા પર નિવેદન આપતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે ૨૦૦૦ રૂપિયાથી વધુના મર્ચન્ટ પેમેન્ટ પર ટ્રાન્ઝેક્શન ફી લાગુ થઈ શકે છે. જો કે આવા વ્યવહારોની સંખ્યા ઓછી છે, પરંતુ કુલ યુપીઆઈ ટ્રાન્ઝેક્શન વેલ્યુમાં તેનો હિસ્સો ઘણો મોટો છે.રાહુલ ગાંધીએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે, અમેરિકન પેમેન્ટ કંપનીઓ ભારતની ઝીરો-એમડીઆર નીતિનો લાંબા સમયથી વિરોધ કરી રહી હતી અને હવે વર્તમાન સરકાર આ જ અમેરિકન દબાણ સામે ઝૂકી રહી છે.કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ સરકાર પર પ્રહાર કરતા પૂછ્યું કે, ’શું એ સાચું છે કે ૫૦૦૦ રૂપિયાના વ્યવહાર પર ૨૫ રૂપિયા અને ૧૦,૦૦૦ રૂપિયા પર ૫૦ રૂપિયા સુધીની સંભવિત વસૂલાત થઈ શકે છે? જો વેપારીઓ પર વધારાનો આર્થિક બોજ પડશે, તો તેઓ આ ખર્ચ ચીજવસ્તુઓની કિંમતો વધારીને આખરે સામાન્ય ગ્રાહકો પાસેથી જ વસૂલ કરશે.’વર્તમાન નિયમો અનુસાર ૨૦૦૦ રૂપિયા સુધીના યુપીઆઈ (UPI) પેમેન્ટ પર કોઈ પણ પ્રકારનો ચાર્જ વસૂલવામાં આવતો નથી અને બે વ્યક્તિઓ વચ્ચે (પર્સન-ટુ-પર્સન) થતા લેણ-દેણ માટે આ નિયમ યથાવત રહેશે. જો કે, સામે આવેલા નવા પ્રસ્તાવ મુજબ ૨૦૦૦ રૂપિયાથી વધુ રકમના વેપારી પેમેન્ટ પર ફી લાગુ થવાના એંધાણ છે. શરુઆતી ચર્ચા પર નજર કરીએ તો, મોટા વેપારી વ્યવહારો પર આશરે ૦.૪ ટકા જેટલો ચાર્જ લાગી શકે છે.

આ સમગ્ર વિવાદ અંગે કેન્દ્ર સરકારનું સ્પષ્ટ વલણ છે કે સામાન્ય નાગરિકો કે યુપીઆઈના રોજિંદા યુઝર્સ પાસેથી કોઈ પણ પ્રકારની ટ્રાન્ઝેક્શન ફી વસૂલવાનો સરકારનો કોઈ જ ઈરાદો નથી. ૨૦૦૦ રૂપિયા સુધીના તેમજ બે વ્યક્તિઓ (P2P) વચ્ચે થતા તમામ વ્યવહારો બિલકુલ નિઃશુલ્ક રહેશે. સરકારનું એમ પણ કહેવું છે કે ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને વધુ સક્ષમ અને લાંબા સમય સુધી ટકી રહે તેવી બનાવવા માટે જ આ નવા વિકલ્પો પર વિચારણા થઈ રહી છે, જેથી આમ જનતાની ઉપર કોઈ વધારાનો નાણાકીય બોજ ના પડે.

# જિલ્લાકક્ષાનો નેશનલ સાયન્સ સેમિનાર ૧૭ સપ્ટેમ્બરનાં રોજ યોજાશે

અમરેલી, તા. ૧૫

ગુજકોસ્ટ.ડી.એસ.ટી. ગર્વમેન્ટ ઓફ ગુજરાત અને નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ, મીનીસ્ટ્રી ઓફ કલ્ચર,ભારત સરકારનાં સંયુક્ત ઉપક્રમે એવમ ડી.ઈ.ઓ. મનોહરસિંહજી ગોહીલ તથા ડી.પી. ઈ.ઓ. કે.વી.મીયાણીનાં માર્ગદર્શન તળે જિલ્લાકક્ષાનાં નેશનલ સાયન્સ સેમીનારનું આયોજન તા. ૧૭મી સપ્ટેમ્બર ૨૦૨૬નાં રોજ સવારનાં ૮ કલાકે ડીસ્ટ્રીકટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ અને બાલભવન, અમરેલી ખાતે પ્રારંભ થશે.રજીસ્ટ્રેશન કરાવેલ જિલ્લાનાં ધો.૮ થી ૧૦નાં વિદ્યાર્થીઓ ભારતીય ઉર્જા બાસ્કેટ ૨૦૪૭– સંભાવનાઓ અને પડકાર વિષય ઉપર પોતાનું પ્રેજન્ટેશન પ્રસ્તુત કરશે.વધુ વિગત માટે ડાયરેકટર નિલેશ કે. પાઠક, મો. ૯૯૨૫૦ ૮૪૭૩૩ પર સંપર્ક કરવા અનુરોધ છે.

### હંગામી ફટાકડાના વેચાણ માટે લાયસન્સ મેળવવા

# રાજુલા સબ ડિવિઝનમાં તા. ૧૫ ઓક્ટોબર સુધીમાં અરજી કરવી

અમરેલી, તા.૧૫

૨૦૨૬ના રોજ દિવાળીના તહેવાર દરમિયાન રાજુલા સબ ડિવિઝનમાં આવતા રાજુલા અને જાફરાબાદ તાલુકામાં હંગામી–ટેમ્પરરી ફટાકડાનું વેચાણ કરવા ઈચ્છુક વેપારીઓએ ફટાકડાના સંગ્રહ અને વેચાણ માટે સુરક્ષિત સ્થળની વ્યવસ્થા કરી નિયત પ્રક્રિયા મુજબ લાયસન્સ મેળવવા અરજી કરવાની રહેશે. ફટાકડાના વેચાણ માટેના સ્થળે રહેણાંક મકાન તથા અન્ય સ્થળોથી ઓછામાં ઓછું ૫૦ મીટરનું અંતર જાળવવાનું રહેશે. તેમજ ફટાકડાના સ્ટોલની આસપાસ જ્વલનશીલ પદાર્થો ન હોય તથા સુરક્ષાના નિયમોનું પાલન થાય તે જરૂરી રહેશે. કામચલાઉ શેડમાં ફટાકડા રાખવા તથા વેચાણ કરવા માટે પણ નિયત ધોરણો મુજબ વ્યવસ્થા કરવાનીરહેશે.લાયસન્સ મેળવવા માંગતા અરજદારોએ ફોર્મ નં. એ.ઈ. ૦૫માં અરજી કરવાની રહેશે. અરજદારોએ જરૂરી વિગતો સાથે અરજી રજૂ કરવાની રહેશે. સદરહુ લાયસન્સ મેળવવા માંગતા અરજદારોએ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, રાજુલાની કચેરીમાં તા. ૧૫ ઓકટોબર, ૨૦૨૬ સુધીમાં અરજી કરવાની રહેશે.નિયત ફોર્મ એ.ઈ.૦૫માં ઠરેલ નમૂનામાં સંપૂર્ણ વિગતો સુચિત કરી અરજી કરવાની રહેશે તથા અરજીમાં સ્થળ નો સચોટ નકશો દર્શાવી અરજદારની સહી સાથે સ્થળ દર્શાવતો નકશો જોડવાનો રહેશે, અરજી ઉપર રૂ. ૩–૦૦ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાવવાની રહેશે. અરજી સાથે લાયસન્સ ફી રૂ.૯૦૦ ‘૦૦૭૦–૬૦–૧૦૩–૦૦‘ ના સદરે ચલણની નકલ તથા જરૂરી અન્ય દસ્તાવેજો જોડવાના રહેશે.સૂચિત સ્થળનો બ્લુ પ્રિન્ટ નકશો અરજદારની સહી સાથે અરજી સાથે ત્રણ નકલમાં રજૂ કરવાનાં રહેશે. સૂચિત સ્થળની માલિકી–ભાડા હક્ક ધરાવતા હોવા અંગેના આધાર–પુરાવા પણ નિયત અરજી સાથે જોડવાના રહેશે.અપૂર્ણ વિગતો અથવા જરૂરી પુરાવા વિના રજૂ કરવામાં આવેલી અરજીઓ પ્રયાને લેવામાં આવશે નહીં, તેમ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, રાજુલાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અમેરિકાએ પૃથ્વીની કક્ષામાં તૈનાત કર્યા હથિયાર, રશિયા-ચીન એલર્ટ

નવી દિલ્હી, તા.૧૫

વિશ્વના અલગ-અલગ ખૂણે ચાલી રહેલા સંઘર્ષો વચ્ચે હવે અંતરિક્ષમાં પણ સૈન્ય હથિયારોની સ્પર્ધા તેજ થઈ ગઈ છે. અમેરિકન સ્પેસ ફોર્સ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, અમેરિકાએ હવે પૃથ્વીની કક્ષા (ઓર્બિટ)માં હથિયારો તૈનાત કરી દીધા છે. આ સાથે જ અમેરિકાએ પહેલીવાર સત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે તેની પાસે ઓર્બિટમાં હથિયારો તૈનાત કરવાની ક્ષમતા છે.

એજન્સીના અહેવાલ મુજબ, અમેરિકન સ્પેસ ફોર્સના પ્રવક્તાએ જણાવ્યું છે કે દેશ પાસે ઓર્બિટમાં એવા ’સ્પેસ કંટ્રોલ વેપન’ છે, જે દુશ્મનોની કાર્યવાહી સામે સંયુક્ત દળોનું રક્ષણ કરી શકે છે. જોકે, અંતરિક્ષમાં કયા ચોક્કસ હથિયારો ગોઠવવામાં આવ્યા છે તેની વિગતો જાહેર કરવામાં આવી નથી. સ્પેસ કંટ્રોલ મિશન અંતર્ગત કાઈનેટિક અને નોન-કાઈનેટિક પદ્ધતિઓ દ્વારા દુશ્મનની ક્ષમતાઓને પ્રભાવિત કરવામાં આવે છે.

અંતરિક્ષમાં હથિયારો મોકલવાની અને તેને નિયંત્રિત કરવાની આ રેસ નવી નથી. વર્ષ ૧૯૫૭માં રશિયા દ્વારા ’સ્પુતનિક’ લોન્ચ કરવામાં આવ્યા બાદથી જ અમેરિકા અને મોસ્કો વચ્ચે સેટેલાઈટ નષ્ટ કરવા અને હથિયારો મોકલવાની હોડ શરૂ થઈ ગઈ હતી. વર્ષ ૧૯૬૭માં ’આઉટર સ્પેસ ટ્રીટી’ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેના દ્વારા ઓર્બિટમાં મોટા પાયે તબાહી મચાવતા હથિયારો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.

આ કરાર અને પ્રતિબંધો હોવા છતાં અમેરિકા, ચીન અને રશિયા આ સંધિથી બહાર રહીને અંતરિક્ષમાં યુદ્ધની નવી પદ્ધતિઓ વિકસાવી રહ્યા છે. વર્તમાન સમયમાં સેટેલાઈટ મિલિટરી કોમ્યુનિકેશન, સર્વેલન્સ અને નેવિગેશન માટે અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. યુદ્ધ જેવી પરિસ્થિતિમાં દુશ્મન દેશના સેટેલાઈટને નિશાન બનાવીને તેને નિષ્ક્રિય કરી શકાય છે.

### યુદ્ધ વચ્ચે હેરસ્ટાઇલિંગ અને ગ્રૂમિંગમાં પૈસાનો ધુમાડો

# ઈઝરાયલના PMના મેકઅપ પાછળ કરોડોનો ખર્ચ

## આ કુલ ગૃમિંગ ખર્ચનો લગભગ ૯૦ ટકા હિસ્સો બેન્જામિન નેતન્યાહૂ અને તેમના પત્ની સારા નેતન્યાહૂના નામે રહ્યો છે

ઈઝરાયલ, તા.૧૫

ઈઝરાયલમાંથી માહિતી અધિકાર (FOI) હેઠળ બહાર આવેલા આંકડાઓએ રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે. જાન્યુઆરી ૨૦૧૯ થી ઓગસ્ટ ૨૦૨૬ વચ્ચે વડાપ્રધાનોના હેરસ્ટાઈલ, મેકઅપ અને સત્તાવાર પ્રતિનિધિત્વ પાછળ કુલ ૪૭૦,૦૦૦ ડૉલર (આશરે ૪.૪૯ કરોડ રૂપિયા) ખર્ચવામાં આવ્યા છે. આ જાહેર કરાયેલા આંકડાઓ મુજબ, આ કુલ ગૃમિંગ ખર્ચનો લગભગ ૯૦ ટકા હિસ્સો બેન્જામિન નેતન્યાહૂ અને તેમના પત્ની સારા નેતન્યાહૂના નામે રહ્યો છે. આ ખુલાસાથી પબ્લિક ફંડના ઉપયોગ અને પારદર્શિતા પર ફરીથી સવાલો ઉભા થયા છે.ડેટા દર્શાવે છે કે બેન્જામિન નેતન્યાહૂ ફરીથી સત્તામાં આવ્યા બાદ હેરસ્ટાઈલ અને મેકઅપનો ખર્ચ નોંધપાત્ર રીતે વધ્યો છે. વર્ષ ૨૦૨૨ માં જ્યારે નેફાલી બેનેટ અને યૈર લેપિડ વડાપ્રધાન હતા, ત્યારે હેરસ્ટાઈલ અને મેકઅપ પાછળનો સંયુક્ત ખર્ચ માત્ર ૮૪,૦૦૦ શેકેલ (આશરે ૨૬.૩૪ લાખ રૂપિયા) હતો. નેતન્યાહૂ સત્તામાં પરત ફર્યા બાદ વર્ષ ૨૦૨૩ માં આ ખર્ચ વધીને ૩૧૧,૦૦૦ શેકેલ (આશરે ૯૭.૫૨ લાખ રૂપિયા) થઈ ગયો. જ્યારે વર્ષ ૨૦૨૫ માં સૌથી વધુ આશરે ૧૧૧,૦૦૦ ડૉલર માત્ર હેરસ્ટાઈલ અને મેકઅપ પાછળ ખર્ચવામાં આવ્યા હતા.ઓવરસીઝ અથવા વિદેશી પ્રવાસો દરમિયાન થયેલા ખર્ચના આંકડા પણ ચોંકાવનારા છે. ફેબ્રુઆરી ૨૦૨૫ માં નેતન્યાહૂની વોશિંગ્ટન ડીસીની ૪ દિવસીય મુલાકાત દરમિયાન માત્ર હેરસ્ટાઈલ અને મેકઅપ પાછળ આશરે ૧૩,૫૦૦ ડૉલરનો ખર્ચ થયો હતો. આ ઉપરાંત, સત્તાવાર પ્રતિનિધિત્વ ખર્ચ (જેમાં કપડાં અને હોસ્ટિંગ સામેલ છે) માં પણ નેતન્યાહૂએ આ સમયગાળા દરમિયાન આશરે ૧૩૪,૦૦૦ ડૉલર ખર્ચ્યા હતા. સરખામણી કરીએ તો બેનેટનો પ્રતિનિધિત્વ ખર્ચ ૧૯,૦૦૦ ડૉલર અને લેપિડનો ખર્ચ ૨,૬૦૦ ડૉલરની આસપાસ રહ્યો હતો.

મૂવમેન્ટ ફોર ફ્રીડમ ઓફ ઈન્ફોર્મેશન દ્વારા ડિસેમ્બર ૨૦૨૫ માં દાખલ કરવામાં આવેલી અરજી બાદ આ વિગતો બહાર આવી છે. સંગઠને વડાપ્રધાન કાર્યાલય પર માહિતી છુપાવવાનો આરોપ લગાવ્યો હતો. સુરક્ષા કારણોસર હેરડ્રેસર્સ અને મેકઅપ આર્ટિસ્ટના નામ દસ્તાવેજોમાં રદ (રેડક્ટ) કરવામાં આવ્યા છે. ટ્રાન્સપેરન્સી ગ્રુપે સ્પષ્ટ કર્યું છે કે સરકારી નાણાં એ વ્યક્તિગત નાણાં નથી, તેથી અધિકારીઓએ તેમાં વધુ જવાબદારી અને પારદર્શિતા જાળવવી જરૂરી છે.

કેન્સર રોગોનાં નિષ્ણાંત ડોક્ટર દ્વારા ખાસ ઓપીડી
આપના શહેર અમરેલીમાં
તારીખ ૧૬/૦૯/૨૦૨૬ | બુધવારે | સમય સવારે ૧૧ થી ૧૨
24/7 Emergency Services
NABH
ડો. રૂચિ રાજગોર
DNB (Radiation Oncology)
કન્સલ્ટન્ટ, રેડિયેશન ઓન્કોલોજીસ્ટ
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧
ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629/98257 47203

## પી.પી. સોજીત્રાનાં ૬૨ માં જન્મ દિવસ નિમિત્તે તેમના દ્વારા રચિત ફાઉન્ડેશન દ્વારા

# અમરેલીમાં જરૂરિયાતમંદ પરિવારનાં વિદ્યાર્થીઓને લોન-સ્કોલરશીપ અપાશે

### રાજયનાં શિક્ષણમંત્રી ડો. પદ્યુમન વાજાનાં વરદ્ હસ્તે ચેક વિતરણ કરવામાં આવશે

### આગામી ૨૦ સપ્ટેમ્બરને રવિવારે એન્જલ લોર્ડસ ખાતે બપોરે ૩:૩૦ કલાકે કાર્યક્રમ યોજાશે

### રાજયનાં ઉર્જામંત્રી કૌશિક વેકરિયા, સાંસદ સુતરીયા સહિતનાં આગેવાનો પણ ઉપસ્થિત રહેશે

### ફાઉન્ડેશન પાસે ૨.૭૫ કરોડનું ફંડ હોય જેની વ્યાજની રકમમાંથી દર વર્ષે સહાય કરવામાં આવે છે

અમરેલી, તા. ૧૫

અમરેલી ખાતે આગામી રવિવારે સહકારી અગ્રણી પી.પી. સોજીત્રા ધ્વારા રચિત પી.પી. સોજીત્રા ફાઉન્ડેશન ધ્વારા જરૂરિયાતમંદ પરિવારોનાં વિદ્યાર્થીઓને લોન-સ્કોલરશીપનાં ચેક અર્પણ કરવાનો કાર્યક્રમ રાજયનાં શિક્ષણમંત્રી ડો. પદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં હોટેલ એન્જલ લોડર્સઈકોઈન, જુનુમાર્કેટયાર્ડ, અમરેલી ખાતે બપોરે ૩:૩૦ કલાકે યોજાશે.

આ કાર્યક્રમમાં રાજયનાં ઉર્જારાજયમંત્રી કૌશિક વેકરિયા, સાંસદ ભરત સુતરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા અને પાલિકા પ્રમુખ શ્રીમતિ વૈશાલીબેન માંગરોળીયા પણ ઉપસ્થિત રહેશે.







## અમરેલીનાં ભીડભંજન ચોકમાં જ ભીડ



અમરેલીનાં ભીડભંજન મંદિર ચોકમાં સાવરકુંડલા, લીલીયા તરફ જતી એસ.ટી. બસ અને ખાનગી વાહનોનો જમેલો હંમેશા રહેવાસી દિવસમાં અનેક વખત ટ્રાફિકજામનાં દ્રશ્યો સર્જાતા હોય ટ્રાફિક વિભાગ ધ્વારા યોગ્ય કરવામાં આવે તે જરૂરી છે.

## દરેક UPI પેમેન્ટ પર બેંક ચાર્જ ચુકવવો પડશે

# સરકારે ફ્રી પેમેન્ટ માટે રૂા. ૨,૦૦૦ની લિમિટ નક્કી કરતાં લોકોમાં ગણગણાટ

### મોટા મૂલ્યના P2M ટ્રાન્ઝેક્શન પર ભવિષ્યમાં ચાર્જ લાગી શકે છે, જેનાથી UPI ઈકોસિસ્ટમની ટકાઉ ક્ષમતા સુનિશ્ચિત કરી શકાશે

નવી દિલ્હી, તા.૧૫

ડિજિટલ ભારતમાં શાકભાજીની લારીથી લઈને મોટા મોલ સુધી ચુકવણીનું સૌથી મોટું માધ્યમ UPI બની ગયું છે. છેલ્લા કેટલાક સમયથી એવી ચર્ચાઓ ચાલી રહી હતી કે ટૂંક સમયમાં સામાન્ય યુઝર્સે પણ દરેક UPI પેમેન્ટ પર બેંક ચાર્જ ચૂકવવો પડશે. આ અટકળો વચ્ચે કેન્દ્રીય નાણાં મંત્રાલયે સોમવારે એક મહત્ત્વપૂર્ણ સત્તાવાર નોટિફિકેશન બહાર પાડીને સ્પષ્ટતા કરી દીધી છે. સરકારે સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે બેંકો અને પેમેન્ટ સિસ્ટમ પ્રોવાઈડર્સ ૨,૦૦૦ સુધીના UPI પેમેન્ટ તેમજ RuPay ડેબિટ કાર્ડ પેમેન્ટ પર કોઈ પણ પ્રકારનો ચાર્જ વસૂલી શકશે નહીં. આ નોટિફિકેશનથી દેશના કરોડો સામાન્ય નાગરિકો અને નાના વેપારીઓને મોટી રાહત મળી છે, સાથે જ મોટા વેલ્યુ ધરાવતા ટ્રાન્ઝેક્શન અને મોટા ઈ-કોમર્સ વેપારીઓ માટે ભવિષ્યની વ્યવસ્થાના સંકેત પણ મળ્યા છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વ્યક્તિથી વેપારી વચ્ચે થયેલા કુલ UPI વ્યવહારોમાંથી માત્ર ૪% ટ્રાન્ઝેક્શન જ ૨,૦૦૦ કરતાં વધુ રકમના હતા. આ નોટિફિકેશન સંસદ દ્વારા ગયા મહિને પસાર કરાયેલા ટેક્સેશન એન્ડ અધર લોઝ (એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૨૬ પછી

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૧
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨

## જિલ્લામાં દર્દીનારાયણની સેવા દ્વારા પી.એમ.નો જન્મદિન ઉજવશે

# અમરેલીનાં જાણીતા તબીબો ૧૭ સપ્ટેમ્બરનાં પ્રધાનમંત્રીનાં જન્મદિને રાહતદરે દર્દીઓનું નિદાન કરાશે

### અમુક તબીબો નિઃશુલ્ક નિદાન કરશે, એકસ રે, સોનોગ્રાફીમાં પણ રાહતદર

અમરેલી, તા. ૧૫

દેશભરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં જન્મદિન નિમિત્તે ઉજવાઈ રહેલા ''સેવા સંકલ્પ અભિયાન'' અંતર્ગત વિવિધ પ્રકારનાં સેવા કાર્યો થનાર છે. ત્યારે પ્રદેશ ભાજપનાં માર્ગદર્શન હેઠળ અમરેલીનાં યુવા ધારાસભ્ય અને રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા તથા જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સાથે સંકલન કરીને અમરેલી જીલ્લા ભાજપ ડોકટર સેલ દ્વારા તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬નાં રોજ આવનાર દર્દીઓને વિનામૂલ્યે નિદાન કરી આપવામાં આવશે તેમજ એકસ રે, સોનોગ્રાફી, લેબોરેટરી વગેરેનાં ચાર્જમાં ૫૦% રાહત આપવામાં આવશે. અમરેલી શહેરમાં પ્રેકટીસ કરતા ૫૦થી વધુઓ ડોકટર-હોસ્પિટલ ''વન ડે ફ્રી ઓ.પી.ડી.'' કન્સેપ્ટમાં જોડાઈને જનતા માટે જીવન સમર્પિત કરનાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીને સેવામય બથ્રડે વિશ કરશે જેની યાદી નીચે મુજબ.

સરકાર, સંગઠન અને જનભાગીદારીથી સેવા સંકલ્પ અભિયાન ચાલી રહ્યું છે તે અંતર્ગત ફ્રી ઓ.પી.ડી. અન્વયે ડોકટરોનું સંકલન અમરેલી જીલ્લા ભાજપ ડોકટર સેલ કન્વીનર ડો. પિયુષ ગોસાઈ (શ્રીજી વુમન્સ હોસ્પિટલ), ડો. રાજુ કથિરિયા, પૂર્વ નગર સેવક ડો. ચંરેશ ખુંટ દ્વારા કરવામાં આવ્યું છે. પ્રધાન સેવકનાં જન્મ દિવસ નિમિત્તે અમરેલીનાં ડોકટરો દ્વારા રાહત દરે થનાર સેવામય ઉજવણીનો વધુને વધુ લાભ લેવા અમરેલી જીલ્લાનાં દર્દીઓને અપીલ તેમ મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીની અખબારી યાદીમાં જણાવ્યું છે.






#### સંપૂર્ણ ફ્રી વાળા ઓ.પી.ડી. ડોકટરની યાદી

ડો. પિયુષ ગોસાઈ (ગાયનેક), ડો. ભરત કાનાબાર (ગાયનેક, સર્જન), ડો. જે.બી. વડેરા (સર્જન સાવરકુંડલા), ડો. ચિરાગ કુબાવત (નારી હોસ્પિટલ), ડો. અભિષેક ઠાકર (દ્રષ્ટી હોસ્પિટલ), ડો. તિમિર ભરોલીયા (ચામડી), ડો. સલોનીપંચાલ (સખીયા સ્કિન કિલનિક), ડો. ચત્રોલા (જનરલ પ્રેકટીશનર), ડો. એ.જે. ડબ્બાવાલા (ઓનલાઈન કન્સલ્ટેશન)

#### ૫૦% ફ્રી ઓ.પી.ડી. વાળા ડોકટરની યાદી

ડો. ડી.એમ. ઉનંડકટ (એમ.ડી., ડોકટર હાઉસ), ડો. આર.ડી. ઘોડાસરા (સર્જન, ડોકટર હાઉસ), ડો. પી.પી. પંચાલ (કાન, નાક, ગળાના ડોકટર), ડો. રૂચિતા જેઠવા (એમ.ડી.), ડો. દ્રષ્ટિ પંડયા (ફીજીયો થેરાપી), ડો. નિતીન ત્રિવેદી (બાળરોગ નિષ્ણાંત), ડો. આર.જે. રાવળ (ઓર્થોપેડિક સાવરકુંડલા), ડો. નરેન્દ્ર સોજીત્રા (સર્જન), ડો. વિરલ ગોયાણી (ગાયનેક), ડો. જયદીપ પટેલ (બાળ રોગ નિષ્ણાંત, કલરવ હોસ્પિટલ), ડો. જીતેન્દ્ર સોલંકી (આખોના ડોકટર) (સમયઃ-સવારે ૧૦:૦૦ થી ૦૨:૦૦ સુધી)

#### એકસ-રે, સોનોગ્રાફી ૫૦% ફ્રી લેવામાં આવશે

ડો. હર્ષદ રાઠોડ (એમ.ડી. રેડિયોલોજીસ્ટ), ડો. ભરત પાડા (રેડિયોલોજીસ્ટ), ડો. સ્વાતી વ્યાસ (રેડિયોલોજીસ્ટ), ડો. દેવલ ચૌહાણ (રેડિયોલોજીસ્ટ) (સમયઃ- સવારે ૧૦:૦૦ થી ૦૨:૦૦ સુધી)

#### ફ્રી નિદાન યોજનામાં જનરલ પ્રેકટીશનર્સ ની યાદી

ડો. હરેશ વઘાસીયા, ડો. પિયુષ સોલંકી, ડો. દીપક કયાડા, ડો. ચંદ્રેશ ખુંટ, ડો. નીલેશ ભીંગરાડિયા, ડો. પી.આર. કાપડિયા, ડો. આર.બી. શિરોયા, ડો. અલ્તાફ દેસાઈ, ડો. પદ્માકર વૈધ, ડો. નિખિલેશ જાની, ડો. તેજસ બંજારા, ડો. મિહિર ગણાત્રા, ડો. પ્રણવ સાપરિયા, ડો. ગંગાજળિયા, ડો. કલ્પેશ પડસાળા, ડો. હિમાંશુ વાડદોરિયા, ડો. જુનેદ, ડો. ડોબરિયા (આંકડિયા), ડો. અગ્રાવત (ચલાલા), ડો. ક્રિશ્ના ખુંટ સહિતનાં ડોકટરો વિનામૂલ્યે નિદાન કરી આપશે આ ઉપરાંત અમરેલીની જાણીતી નવજીવન હોસ્પિટલ આખો દિવસ ફ્રી ઓ.પી.ડી. સાથે ઈ.સી.જી. ૫૦ રૂા., એકસ રે રૂા. ૧૦૦, તેમજ લેબોરેટરી રૂા. ૫૦% દરે કરી આપવામાં આવશે.

હાર્દિક અભિનંદન
શ્રી કૌશિકભાઈ વેકરીયા
રાજયમંત્રીશ્રી : ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ
કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય
શ્રી જનકભાઈ તળાવીયા
ધારાસભ્યશ્રી : લાઠી-બાબરા
શ્રી કૌશિકભાઈ વેકરીયા તથા શ્રી જનકભાઈ તળાવીયા આપ બન્ને મહાનુભવોને ''શાઈનિંગ ઈન્ડિયા'' બેસ્ટ MLA એવોર્ડ ૨૦૨૬ થી સન્માનિત કરવામાં આવતા આપને હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ.....
શુભેચ્છક
શ્રી કલ્પેશભાઈ ખખ્ખર-પ્રમુખ
શ્રી પ્રતાપભાઈ ખાચર-ઉપપ્રમુખ
શ્રી રમેશભાઈ દશલાણીયા-ઉપપ્રમુખ
શ્રી રમેશભાઈ સાંગડીયા-મહામંત્રી
શ્રી પંકજભાઈ ઈન્દ્રોડીયા-ઉપપ્રમુખ
શ્રી ગંભીરસિંહ સોલંકી-ઉપપ્રમુખ
શ્રીમતિ દિવ્યાબેન રજતભાઈ પંડયા-ઉપપ્રમુખ
શ્રી ધર્મેશભાઈ વાવડીયા-મહામંત્રી
શ્રી મહેશભાઈ હેરમા-મંત્રી-શ્રીમતિ શિલ્પાબેન પ્રવિણભાઈ મારૂ-મંત્રી
શ્રી સુરેશભાઈ વાવેચા-મંત્રી-શ્રીમતિ કોમલબેન કિશોરભાઈ મકવાણા-મંત્રી
શ્રીમતિ પારૂલબેન સંજયભાઈ જોષી-મંત્રી-શ્રી નરેશભાઈ પોપટ-મંત્રી
શ્રી યાજ્ઞિકભાઈ ધાધલ-મંત્રી-શ્રી કરીમભાઈ કોટડીયા-કોશાધ્યક્ષ
શહેર ભાજપ પરિવાર-બાબરા
// મુ. બાબરા, જી. અમરેલી //

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)